નવાં બંધાયેલા બિલ્ડિંગમાં રેડી
ફ્લેટ 1,2,3 BHK વેચાણથી મળશે
1,2,3 & 4 BHK ભાડેથી મળશે
બુકિંગમાં 2 BHK અને 3 BHK
સારા એરિયામાં મળશે
તિરૂમાલા હેબીટેટસ, રૂનવાલ એન્થુરીયમ,
દેવીદયાલ રોડ, સર્વોદય નગર,
તાંબેનગર 2 અને 3 BHK મળશે
ઓબેરોયમાં 3 અને 4 BHK
વેચાણથી તેમજ ભાડેથી મળશે
Deepak Kesaria
9707 777 771

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26


Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ ● અંક : ૨૨ ● સળંગ અંક : ૧૩૩૮ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૯ જૂન – ૨૫ જૂન ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦

Eyeheal
Complete Vision Care

# મોતિયાનું ઓપરેશન

દુખાવા વગર, ટાંકા વગર, રક્તસ્ત્રાવ વગર.



*નિયમો અને શરતો લાગુ

અમારા રિસેપ્શનમાં વ્યક્તિગત રીતે રજીસ્ટ્રેશન કરાવીને આંખોની મફત ચેકઅપ નો લાભ લો.

આઇહીલ, કમ્પ્લીટ વિઝન કેર અને એપ્ટ ડાયાબિટીસ ક્લિનિક
જૈન મંદિર પાસે. સર્વોદય નગર. મુલુંડ (વે).
મુંબઈ - 400080.
સંપર્ક: 84337 38171 | 98202 88171
ઈ-મેલ: eyeheal.apt@gmail.com

Click for more details

મુલાકાત માટે કોલ કરો:
90822 93425

“ચાલો, સાથે મળીને આંખોનું જતન કરીએ”

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૨૫-૦૮-૧૯૪૮

રામશરણ :
તા. ૧૩-૦૬-૨૦૨૪

# સ્વ.અશ્વિન વિઠ્ઠલદાસ ચોથાણી

## કચ્છ - મોખા (તા.મુંદ્રા), હાલે - થાણા

સજ્જનતા આપની સુવાસ હતી, પ્રસન્નતા આપનું જીવન,
પરોપકાર આપનું રટણ હતું, સત્કાર્યો આપની શોભા,
આપની હયાતી, અમારી પ્રેરણા...
સહૃદયી, મિતભાષી, તોય મક્કમ! અવિસ્મરણીય આપની ઓળખ છે...
કર્મોના સથવારે કર્યું પ્રયાણ, રહેશો સ્મરણપટમાં સદાય યાદ...

**મિત્રો, સ્નેહીજનો તેમજ સ્વજનો**
**અને ગુર્જરમાત પરિવાર**

**જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ**

રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીજનેબલ રેટની ગેરેન્ટી.

**હેતલ શાહ 98210 59549**

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

PRIME PEST CONTROL — BMC Approved

**Pest Control &**
Also Services For
**Mosquito & Bird Netting**
TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.

વર્ષ : ૨૭ ● અંક : ૨૨ ● સળંગ અંક : ૧૩૩૮ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૯ જૂન – ૨૫ જૂન ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦

**ARIHANT BANK**

**SHRI ARIHANT CO-OP. BANK LTD.**

Click for more details

**1st February - 30th June 2024**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
***7.49%** (p.a.)
GOLD LOAN
COMMERCIAL VEHICLE LOAN
EDUCATION LOAN
LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) | |
|---|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 | |
| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or
**Toll Free : 1800 221 984**

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT www.arihantbank.com @ Arihant Bank

પોસ્ટ ખાતાની વિવિધ બચત તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે 9920014863

ગુર્જરમાત
/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

અન્નદાન - મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

વર્ષ : ૨૭ • અંક : ૨૨ • સળંગ અંક : ૧૩૩૮ • મુંબઈ • બુધવાર • તા.૧૯ જૂન - ૨૫ જૂન ૨૦૨૪ • કુલ પાના : ૨૪ • કિંમત રૂા.૫.૦૦

# એવિચર કોર્પોરેટ પાર્ક બિલ્ડીંગના છઠ્ઠા માળે ત્રણ મહિનામાં બીજી વખત આગ લાગી



*જંયતીલાલ મંગે દ્વારા*

એલબીએસ માર્ગ સ્થિત એવિયર કોર્પોરેટ પાર્કના છઠ્ઠા માળે ગઈ કાલે મંગળવારે, તા.૧૮ જૂનના બપોર ૧.૩૦ કલાકે છેડા કન્સલ્ટન્સીની ઓફિસ નં ૬૩૬માં આગ ભભૂકી ઊઠી હતી. આગનું છમકલું થયું ત્યારે સમગ્ર સ્ટાફ ઓફિસ બંધ કરી લંચ કરવા ઓફિસ છોડી હતી. ત્યારે બંધ ઓફિસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું તારણ મળ્યું છે. આગને લીધે આ બહુમાળી ઈમારતમાં અફડા તફડી મચી ગઈ હતી અને સૌ ઝપાટાભેર બિલ્ડીંગ ખાલી કરી નીચે પરિસરમાં જમા થઈ ગયા હતા. મુલુંડ ફાયર બ્રિગેડના જવાનોએ સમય સૂચકતા દર્શાવી ઝડપભેર કાર્યવાહી કરતાં આગ પર જલ્દી કાબૂ મેળવી લીધો હતો. કોઈ જાનહાનિ થઈ ન હતી પણ ઓફિસનો વુડન ઈન્ટરીઅરને ૧૦ થી ૧૫ ટકા જેટલું નુકસાન થયું હોવાનું કહેવાય છે.

કમનસીબે ૮૪ દિવસ અગાઉ એટલે કે ૨૬ માર્ચે મંગળવારે સવારે ૯.૩૦ કલાકે આ જ બિલ્ડીંગના છઠ્ઠા માળે આવેલી એક અન્ય ઓફિસમાં શોર્ટ સર્કિટને લીધે આગ લાગી હતી. એ સમયે લેવલ ૧ની આગ ૧૦૦૦ હજાર સ્કવેર ફૂટ વિસ્તારમાં ઝડપભેર ફેલાઈ એરકન્ડીશનીંગ યુનિટ તેમજ વુડન ફર્નિચર અને ઓફિસ રેકોર્ડ સહિત ઈલેકટ્રિક વાયરીંગ અને ઈન્સ્ટોલેશન ને સારુ એવુ નુકશાન થયું હતું.

MONSOON DHAMAKA OFFER
• Ladies underwear Max Brand 3 Piece Box Packing 150/- Per Box
• M to 10XL Kurti, Kurti Pant Set, One-Piece, Western Top, Cord-Sets.
• L to 3XL Unisex Pyjamas 300/-
• M to XL Capri, One-Piece Nighty Buy 3 for 500/- • Kid's Dangari 150/-
Maximum Discount on all Branded Items
HURRY UP CALL & COME
PLEASE NO PHOTOS
Hemangi Dedhia : 9987897979

Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Price : Rs.1.40 Crore Negotiable
Payment - Full Cheque
If Required we sending Photos and Videos.
Kalpesh Thakkar
9224944922, 9223944922

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
• 3 BHK ઝવેર રોડ, RHB રોડ
• 3 BHK દેવીદયાલ રોડ
• 1 BHK લીફ્ટ નથી 95 લાખ
8169222044



30 YEARS OF EXCELLENCE AND DELICACIES.
Enjoy the luxury of the revamped and enhanced Kalidas Marriage Hall
7 comfortable rooms are available for your outstation guests to unwind in.
Experience the grand royal ambience with modern amenities.
Capacity of 300 to 800 guests with 550 seating capacity.
Ample parking space.
DhanRaj® HOSPITALITY
Contact us on- +91 8080 3888 08 | +91 771 888 555 0/5




WEDDING PACKAGES TO SUIT ALL YOUR REQUIREMENTS
Celebrations with Best Venue & Menu • 10 AC Halls • Valet Parking
Events & Decorations all under one roof • No hidden charges
T&C apply
BOOK YOUR DATES NOW
HOTEL Tip Top PLAZA
ROOMS • RESTAURANT • BANQUETS
Trust meets Tradition
L.B.S. Marg, Near Teen Hath Naka, Thane (W), Tel.: 80822 33333/022 6793 5516
www.hoteltiptopplaza.in
info@hoteltiptopplaza.in
Impulse/06/24

Care with human touch

SHREE PRAGATI FOUNDATION's

# HIRA – MONGI NAVNEET HOSPITAL

ADDRESS: VALJI LADHA ROAD, MULUND (W), MUMBAI-80

PATIENT SAFETY & QUALITY OF CARE NABH ACCREDITED H-2023-1173

**Click for more details**




022-3504 3541
022-35043544

+91-9321890460

hmnhospital.org

HIRAMONGINAVNEET

HIRA MONGI NAVNEET HOSPITAL

**CASHLESS/MEDICLAIM FACILITY AVAILABLE (on request)**

## CENTRE FOR

- Kidney Transplant
- Lifestyle Management
- Geriatric Care
- Oncology
- Upcoming Robotic Surgery

## ESSENTIAL SERVICES

* Day care & EMERGENCY
* Inpatient services (I.P.D)
* Outpatient service (O.P.D)
* Operation Theatres
* Intensive Care Unit (I.C.U)
* Pharmacy

- Only FULL NABH Accredited Hospital in Mulund, Mumbai
- Ranked amongst Top 10 Hospital in Central Suburb
- Leading hospital in Multi-Specialty Healthcare Service
- Expertise of Super Specialist Consultants
- Affordable rate & State-of-art Operation Theatre

## OUR SERVICES

- ✓ Anesthesiology and Pain Clinic
- ✓ Audiometry and Speech Therapy
- ✓ Cancer Clinic / Oncology
- ✓ Cardiology
- ✓ Chest & Respiratory Medicine
- ✓ Dentistry & Dental Surgeries
- ✓ Ear, nose and throat
- ✓ Dermatology
- ✓ Dietetics
- ✓ General Medicine
- ✓ Gynecology
- ✓ Hepatobiliary & Gastroenterology
- ✓ Minimal access and General surgery
- ✓ Nephrology (Dialysis/Kidney Transplant)
- ✓ Neurology &Neuro-Surgery
- ✓ Ophthalmology
- ✓ Orthopedic-Surgery of Joint & Spine
- ✓ Pediatrics
- ✓ Physiotherapy
- ✓ Plastic and reconstructive surgery
- ✓ Psychiatry and De-addiction
- ✓ Andrology & Urology







## DIAGNOSTIC SERVICES

- 2-D Echo | ECG | Treadmill Test | Video Endoscopy
- Radio Diagnosis: X-Ray, USG, OPG
- Laboratory Medicines:
  Clinical Biochemistry, Microbiology, Serology, Pathology, Hematology, Histopathology

## *24/7 SERVICE*

Emergency
X-Ray
Pathology

**Awards and Accolades:** *Highest National Recognition for Patient Safety & Quality: Only Charitable Hospital in Mulund, Mumbai to be fully NABH accredited*
*Best CSR Practice in Healthcare by Healthcare & Wellness Excellency Awards*
*Times Healthcare Leaders Awared: Best Critical Care services in city, top 20 Hospitals in City Multispecialty Rankings, successful leaders in healthcare industry*
*Mid-Day Top Multispecialty Hospital Survey, 2023 - Ranked 4th among top 10 Multi-specialty hospital in Central*

## શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા. J.E.E. મા મહારાષ્ટ્ર ટોપર

# ધ્રુવીન દોશી નું ટ્રોફી આપી સન્માન



શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા. J.E.E. મા મહારાષ્ટ્ર ટોપર ધ્રુવીન દોશી નું ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. ફોટોમાં પ્રમુખ શરદભાઈ પટેલ ધ્રુવીનનું ટ્રોફી આપી સન્માન કરતા દેખાય છે. આ પ્રસંગે શ્રી મુલુંડ ગુજરાતી સમાજના પદાધિકારીઓ એડવોકેટ હર્ષદભાઈ દેસાઇ, રમેશભાઈ કોટક, અલ્પેશભાઈ દોઢિયા, શ્રીમતી કલ્પનાબેન ખંઢેડીયા, અને શ્રીમતી નિર્મલાબેન છેડા હાજર હતા. ધ્રુવીનના મમ્મી પપ્પા પણ આ પ્રસંગે હાજર હતા.


WADHWA ATMOSPHERE
2 BHK 663 SQ.FT. FRONT FACING POOL SIDE FLAT AVAILABLE IN WADHWA PHASE 1 ATMOSPHERE WITH PARKING @ 1.88 FLAT COST (ONLY GENUINE PARTY CAN CALL)
CALL - 9323655055

આઈડિયલ હોમ વેલ્ફેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલીત
HAPPY FRIDGE
ના સંચાલન માટે સેવાભાવી નિસ્વાર્થ માણસ જોઈએ છે.
સંપર્ક : 7977117894

રેડી પઝેશન
દેવીદયાલ રોડ પર નવી બિલ્ડિંગ, રેડી પઝેશન
Unuse Flat
2 BHK @1.65 cr* (715 carpet)
3 BHK @2.35 cr* (960 carpet)
90226 87343
83697 71377

દાંતની ટ્રીટમેંટ માટે ઓફિસેથી રજા લેવી પડે છે?
સવારે ૮:૦૦ થી રાત્રે ૧૧:૦૦*
વચ્ચે અપૉઈટમેંટ મેળવવા...

આવો...
એકા
ડેંટલ કેંઅર



પહેલું કન્સલ્ટેશન ફ્રી!
અપૉઈન્ટમેંટ માટે કૉલ કરો ૭૪૪ ૯૩ ૭૪૪ ૬૩
Limited period offer!
*રવિવાર ૮ થી બપોરે ૨ વાગ્યા સુધી.
એકા ડેંટલ કેંઅર, મુનશી એસ્ટેટ, એમ.જી. રોડ, મગનલાલ મહેતા એસ્ટેટ એજેંટ ઑફિસની ઉપર, ગોકુલ હોસ્પિટલ ની પાસે, મુલુંડ વેસ્ટ.
અમારું ક્લિનિક જોવા માટે ક્યૂ.આર. કોડ સ્કેન કરો.

3.5 BHK FOR SALE
GEMINI - Runwal Anthurium
3.5 BHK Fully Furnished, Excellent Cross ventilation Flat at higher floor, with 1 covered Car parking, in Premium tower - Gemini - Runwal Anthurium (LBS Marg) Mulund (W) Jain Derasar, Swimming pool, Sauna, Modern Gymnasium, Lovely vast open Podium & Jogging track, Games court & Children's play area, 100 capacity AC clubhouse etc. within the complex.
Expected Price around Rs.4.25 Cr. (Negotiable)



Only serious buyers, directly contact owner on
9867419969

Monsoon offer
RAJLAXMI AROGYA DHAM PANCHGANI
Book for 3 Night
4th Night is on us!!!
From 13th June to 31st August 2024



Amenities
1) TV 2) WiFi 3) Kids Garden 4) Banquet Hall 5) Indor Game 6) Parking
Booking No 8879677709
Panchgani No 8879677708
A-257, Antop Hill Warehouse Complex, Vidyalankar College Road, Wadala (E), Mumbai- 400 037.
Address : Plot No. 471, Opp. Kimmins School, Near ST Bus Stand, Pune Mahabaleswar Road, Panchgani, Maharashtra - 412805.
Email : rajlaxmiarogyadham@gmail.com
www.rajlaxmiarogyadham.in
Special Discount for Group Booking
K.V.O. - P - 8104209392

OM FREIGHT FORWARDERS PVT. LTD.
AN AEO-ISO CERTIFIED COMPANY
DELIVERING VALUE

# સમય સાથે તાલ મિલાવી સહકર્મચારીઓને મનોરંજન પીરસતા OM ફ્રેટના રાહુલ જોશી

OM PREMIER LEAGUE PLAY BOLD

અમે અમારી તાજેતરમાં યોજાયેલી કોર્પોરેટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મળેલી સફળતા અને મિત્રતાની ભાવના શેર કરવા માટે રોમાંચિત છીએ. નિર્મલ લાઇફસ્ટાઇલની ટર્ફ ખાતે ૮મી જૂન ૨૦૨૪ના રોજ એક દિવસ માટે યોજાયેલી આ ઇવેન્ટ, સ્પર્ધાત્મક ભાવના અને ખેલદિલીથી ભરપૂર વિવિધ કોર્પોરેટ દિગ્ગજોને એકસાથે લાવી હતી. ઓમ ગ્રૂપના કુલ ૨૨૮ ખેલાડીઓએ OMPLની સિઝન ૩માં ભાગ લીધો હતો. સમગ્ર મેચ દરમિયાન ભાગ લેનાર ખેલાડીઓએ અસાધારણ ટીમવર્ક અને ખેલદિલીનું પ્રદર્શન કર્યું હતું. દરેક મેચ કૌશલ્ય અને વ્યૂહરચના માટે દષ્ટાંતરૂપ હતી અને દરેક મેચએ દર્શકોને રોમાંચિત કરીને તેમની બેઠકો પર જકડી રાખ્યા હતા. OM ફ્રેટ આ પ્રતિભાઓને સન્માનિત કરવામાં ગર્વ અનુભવે છે અને ટીમના મનોબળને વધારવા અને શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.







## OMPL સિઝન 3






॥ જય જલારામ બાપા ॥

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ : ૨૭-૬-૧૯૩૯

રામશરણ : ૮-૬-૨૦૨૪


સ્વ.રવિલાલ વેલજી ઠક્કર

આપનો રવિ તુલ્ય સૂરજ સમો તેજ પરિવારને પાથરી ગયા
આપ સૌના પ્રેરણાઅને આધાર સ્તંભ હતા
અને આશિર્વાદ રૂપે હતામૃત્યુ શરીરનું થાય છે
પણ આત્મા સુક્ષ્મ રૂપે જીવે છે
ભગવાન આપના આત્માને શાંતિ આપે.

શોકાતુર પરિવારજનો

સમસ્ત વેલજી મેઘજી રવાણી પરિવાર





શ્રી સમર્થ સ્વામી સામાજિક સંસ્થા, મુલુંડ
(રજિ.નં.૫૯૯/૨૦૧૯)
આયોજિત
સામૂહિક ભાગવત સપ્તાહ કથા મહોત્સવ
કથા પ્રારંભ : 3-૧૧-૨૦૨૪ થી ૯-૧૧-૨૦૨૪
કથા સમય : બપોરે 3.30 થી સાંજે ૭.૦૦

પ્રમુખ વકતા

શ્રી.પ.પૂ.આશિષભાઈ વ્યાસ

મુખ્ય યજમાન
શ્રીમતી કમલતાઈ પરશુરામ મિરેકર
શ્રીમતી વનીતા પુનેશ્વર મેશ્રામ (સહયજમાન)
એક શુભેચ્છક

મુખ્ય આચાર્ય

શ્રી દિપક ખરાશંકર પંડ્યા

શુભેચ્છક
શ્રી રાજેશભાઈ જમનાદાસ અનમ - શ્રી નાનજીભાઈ ખિમજી ઠક્કર
શ્રી ગીરીશભાઈ કોઠારી - શ્રીમતી માયાબેન કોઠારી
શ્રી વિજયભાઈ કોઠારી - શ્રી રાહુલભાઈ જોષી
શ્રી મેઘજીભાઈ ગોપાલજી મંગે - શ્રી નારાયણ સેવા મંડળ (મુલુંડ)
શ્રીમતી નિતાબેન સોલંકી - શ્રીમતી લતાબેન ચંદે
શ્રી બાલરાજેશ્વર ભક્ત મંડળ

આયોજક - શ્રી સંજયભાઈ માળી - 9322848587
કથા પાવન સ્થળ
દયાનંદ વૈદિક વિદ્યાલય ગ્રાઉન્ડ, ચંદનબાગ રોડ, મુલુંડ(વેસ્ટ), મુંબઈ - ૮૦.

પોથી બુકિંગ ચાલુ છે

## શ્રી શ્રી રવિશંકરજી રચિત આર્ટ ઓફ લિવિંગનો આગામી કાર્યક્રમ

શ્રી શ્રી રવિશંકરજી રચિત આર્ટ ઓફ લિવિંગનો આગામી કાર્યક્રમ હેપ્પીનેસ પ્રોગ્રામ બુધવાર, તા.૧૯ જૂન થી મંગળવાર, તા.૨૪ જૂન સુધી સવારના ૬થી ૯ અને સાંજે ૭થી ૧૦ મુલુંડ વેસ્ટમાં રાખેલ છે. સંપર્ક : ૮૦૮૨૧૩૫૧૩૫

## શ્રી મુલુંડ ક.વી.ઓ.મહિલા વિભાગ આયોજીત યોગ અને ચક્ર નિઃશુલ્ક વર્કશોપ

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે નિરામય યોગશાળા (હાર્દિક ગડા) ગઢશીશા દ્વારા સ્વની સફ, સ્વ દ્વારા, સ્વ તરફ કરો યોગ રહો નિરોગ આસનોની સાધના કરવાથી શરીરની નાડીઓની શુધ્ધિ, સ્વાસ્થ્ય વૃધ્ધિ, મન સ્ફૂર્તિ પ્રાપ્ત થતા મનને પ્રસન્ન બનાવે છે, રોગ નિવારણ થાય છે, શરીર રીફાયન થાય છે. માનવીની શારિરીક બિમારીઓ કે માનસિક યાતનાઓનો સચોટ ઈલાજ યોગ. તો ચાલો જાગૃત થઈએ ચક્રમુદ્રા, ધ્યાન, ચક્રશુધ્ધિ, ચક્ર સાથેના વિવિધ મંત્રો, ચક્ર સાથે આસનો શીખીએ. તા.૨૧ જૂન ૨૦૨૪ શુક્રવારના બપોરે ૩ થી ૫ વાગ્યા સુધી દુકાન નં.૯, નાહૂર ઉદ્યોગ, ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, મદનમોહન માલવીયા રોડ, મુલુંડ વેસ્ટ. સંપર્ક : મીના રાંભિયા–૯૮૨૦૪૮૧૯૦૮, દિપ્તી નંદુ–૯૩૨૨૯૫૦૩૫૨

## શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગા દ્વારા પર્મેનન્ટ આઈકાર્ડ ધારક પરિવારો માટે સમાજ આશિષ લગ્ન યોજના

શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગા કચ્છી લોહાણા જ્ઞાતિ પરિવારજનો માટે વિવિધ સહાય આપવા સાથે સમાજ ઉપયોગી કાર્યો અવિરત કરે છે. આ પરંપરામાં એક નવી પહેલ રૂપે મંડળ દ્વારા આર્થિક ભેટ સહાય પર્મેનન્ટ આઈ કાર્ડ ધારક પરિવારજનોના સંતાનોના લગ્ન સુવ્યવસ્થિત, વિધિ સાથે અને પધ્ધતિસર સમાજના સહયોગથી સંપન્ન થાય એ માટે સમાજ આશિષ લગ્ન યોજનાની શરૂઆત કરેલ છે.

આ યોજનાનો લાભ લેવા બંન્ને પક્ષમાંથી એક પક્ષ પર્મેનન્ટ આઈકાર્ડ ધરાવતો હોવો જોઈએ તથા બંન્ને પક્ષ કચ્છી લોહાણા જ્ઞાતિના હોવા જરૂરી છે. કન્યા પક્ષ અને કુમાર પક્ષ પ્રત્યેક એ માત્ર રૂા.૧૧૦૦ ભરવા પડશે. જેની સામે પ્રત્યેક પક્ષના એક સો જણ લેખે બન્ને પક્ષના કુલ્લ બસો જણને જમણવાર મંડળ તરફથી અપાશે. એસી હોલ, સ્ટેજ, ડેકોરેશન, મહેમાનો માટે બેઠક વ્યવસ્થા, પ્રત્યેક પક્ષને તૈયાર થવા એક એસી રૂમની વ્યવસ્થા મંડળ તરફથી થશે. વિધિકાર મારાજને દક્ષિણા, પૂજાપો મંડળ આપશે. વેણી–ગજરા, વર વધૂ માટે હારમાળા તેમજ ફોટોગ્રાફર તથા વીડિયો ગ્રાફરની વ્યવસ્થા દરેક પક્ષ પોતાની રીતે કરશે. લગ્ન માટે સવારનો કે સાંજનો સમય પસંદ કરી શકાશે. લગ્ન આર્ય સમાજ વિધિથી અંદાજે ચાર કલાક સમયા વિધિમાં લગ્ન વિધિ અને જમણવાર મળી સંપન્ન થશે. બંન્ને પક્ષ લગ્ન તારીખ માટે સંમત થઈ મંડળ કાર્યાલયમાં વધુમાં વધુ બે માસ અગાઉ કે ઓછામાં ઓછો એક માસ અગાઉ નોંધાવવી. એ તારીખે હોલ ખાલી હશે તો જ લગ્નની તારીખની નોંધણી થશે. લગ્ન તારીખની બુકીંગ માટે કોઈ એક પરિવારે પર્મેનન્ટ આઈ કાર્ડ લાવવું જરૂરી તે સાથે બંન્ને પક્ષોએ પ્રત્યેકએ રૂા.૧૧૦૦ ભરવા પડશે. કોઈ સંજોગોવશાત લગ્ન મુલત્વી રહેથી જમા કરાવેલ રકમ પાછી મળશે નહીં. સમાજ આશિષ લગ્ન યોજનાના લાભાર્થી પરિવારોએ લગ્ન પત્રિકા કે આમંત્રણ કાર્ડ પ્રિન્ટ ન કરતાં પોતાના ખર્ચે, પોતાની રીતે વોટસએપ પર લગ્નપત્રિકા કે લગ્ન માટેનું આમંત્રણ મોકલાવશે.

સમાજ આશિષ લગ્ન યોજના વિષયે નિયમોમાં કોઈપણ પ્રકારનો ફેર બદલ કરવાનો અધિકાર શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગાના ટ્રસ્ટીઓને રહેશે. આ યોજના વિષે વધુ માહિતી માટે મનુભાઈ કોઠારી–૯૭૦૨૮૮૫૦૯૫, ટ્રસ્ટી અને મહિલા સમિતિ કન્વીનર શ્રીમતી માલતીબેન કોઠારી–૯૩૨૦૨ ૩૧૯૯૯, ટ્રસ્ટી ભરતભાઈ સચદે–૯૩૨૪૩ ૫૦૦૦૧, કારોબારી સભ્ય ભરતભાઈ કારીઆ–૯૮૧૯૩ ૪૪૬૭૫ અથવા મંડળ કાર્યાલય ૮૮૭૯૮૧ ૧૦૫૦નો સંપર્ક ઓફિસ સમય દરમ્યાન કરવો.

## હાશમભાઈ ખત્રી હાડકા દર્દ નિવારણ કેન્દ્ર

'બહેના' દ્વારા મુલુંડમાં નિયમીત અયોજન થતી કેમ્પમાં કચ્છ મુન્દ્રાના વૈદ્ય હાશમ ખત્રી દ્વારા હાડકાના દર્દો જેવાકે સાયટીકા, સ્પોન્ડિલાઈટીસ, ફ્રોઝન સોલ્ડર તેમજ ઘૂંટણ, એડી, કમર, મણકાના દુઃખાવા અને સાંધાનું પકડાઇ જવું વગેરે હઠીલા દર્દોના નિરાકરણ અને પ્રાથમિક સારવાર નિદાનનું કેમ્પ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

મુલુંડ : શુક્રવાર, તા. ૨૧ જૂન 'આર્ય નિવાસ ટ્રસ્ટ' ના સહયોગ સાથે વધુ વિગત માટે સંપર્ક શ્રીમતિ હિનાબેન સંઘવી–૭૯૭૨૩૦૧૬૫૫ (વિકાસ સેન્ટર (આર્ય નિવાસ વાડી), છઠ્ઠે માળે, નેતાજી સુભાષ રોડ, મુલુંડ–પશ્ચિમ).

## શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ મહિલા વિભાગ આયોજન કરે છે મોબાઈલ એપ્સ વર્કશોપ

મોબાઈલની વિવિધ એપ દ્વારા પોતાની ટિકિટ બુકિંગ, ઓનલાઈન શોપિંગ, બીલ ભરવા, વીડિયો એડિટિંગ, પિક્ચર કોલાજ, રિલ મેકિંગ, બેકિંગ વગેરે.

વડીલો અને ગૃહિણીઓ અવારનવાર આ બધી વસ્તુઓ માટે બીજાઓ પર આધાર રાખે છે. તો આ વર્કશોપ માંજોડાઓ અને આત્મનિર્ભર બનો.

વર્કશોપમાં નીચે દાખવેલ ટોપીક શીખવાડવામાં આવશે.

**દિવસ–૧** ઓલા, હોટસ્પોટ, એમ.ઈન્ડીકેટર, વોટસએપ ફીચર્સ, સુરક્ષા. **દિવસ–૨** સાયબર સુરક્ષા, પાસવર્ડસ્, ફેસબુક એડવાન્સ ફીચર્સ, બોર્ઝો. **દિવસ–૩** પિક આર્ટ, કેન્વા, ફિજી વોકર, બુક માય શો. **દિવસ–૪** ઈન્ટસ્ટાગ્રામ, જાહેરાત લક્ષણ, વીડિયો એડિટિંગ રિલ, ડેબિટ અને ક્રેડિટ કાર્ડ. **દિવસ–૫** નેટ બેકિંગ, જી પે, આયઆરસીટીસી, યુટીએસ.

મોબાઈલની પ્રત્યેક વિશેષતાને જાણો અને ટેકનોલોજી સાથે તમારી જાતને અપડેટ કરો અને સ્વતંત્ર બનો. તા.૨૫,૨૬,૨૭,૨૮,૨૯ મી જૂન સમય બપોરે ૩ થી ૫

સ્થળ : મુલુંડ કે.વી.ઓ.સમાજ ઓફિસ, જૂની પ્રગતિ હોસ્પિટલ, ગણેશ ગાવડે રોડ, મુલુંડ વેસ્ટ.

ફી કે.વી.ઓ.૬૦૦/-, અન્ય રૂા.૭૦૦/-.

વધુ વિગતો માટે સંપર્ક કરો : ભક્તિ છેડા–૯૬૧૯૩૪૧૫૩૬, નેહા શાહ–૯૮૭૦૩૬૮૮૬૬, હીના દેઢિયા–૯૮૩૩૫૯૯૦૧૫. જીપે નંબર – ૮૪૫૨૯૩૨૨૪૨

## કચ્છી લોહાણા મરણ નોંધ

સ્વ. લક્ષ્મીબેન મોરારજી દયાળજી ઠક્કર (ભાટે) કચ્છ ગામ ભદ્રેશ્વર હાલે મુલુંડના પુત્ર શ્રી રાજેન ઉ.વ.૬૯, રવિવાર તા ૧૬ જૂન ૨૦૨૪ ના શ્રી રામ શરણ પામેલ છે. શોભનાબેનનાં પતિ, સ્વ જમનાબેન મથુરાદાસ પ્રધાન ધિરાવાણી કચ્છ કોઠારા હાલે મુલુંડના જમાઈ, સ્વ. લલિતાબેન હિરાલાલ માણેક, ભારતીબેન હરિશભાઈ મેવાવાલા, સ્વ પ્રભાવતીબેન (પપીબેન) જમનાદાસ જોબનપુત્રા તથા માયાબેન અરવિંદભાઈ પોપટના ભાઈ, હેમંત તથા વિનયના બનેવી, મિલિંદ તથા દીપ્તિબેન જીજ્ઞેશ ગણાત્રાના પિતાશ્રી.

## સગર્ભાવસ્થામાં ડાયાબિટીસનું મેનેજમેન્ટઃ તંદુરસ્ત ગર્ભાવસ્થા અને બાળક માટે ટિપ્સ




*સગર્ભાવસ્થા દરમ્યાન થતું ડાયાબિટીસ, અથવા ગેસ્ટેશનલ ડાયાબિટીસ (GDM), એ એક સામાન્ય સ્થિતિ છે જે લગભગ ૧૦% સગર્ભા સ્ત્રીઓને અસર કરે છે. GDM ત્યારે થાય છે જ્યારે ગર્ભાવસ્થા દરમિયાન ઉત્પન્ન થતા અન્ય હોર્મોન્સ શરીર માટે પૂરતા પ્રમાણમાં ઇન્સ્યુલિન ઉત્પન્ન કરવાનું મુશ્કેલ બનાવે છે. પર્યાપ્ત ઇન્સ્યુલિન વિનાશરીર લોહીમાં સુગરના સ્તરને અસરકારક રીતે નિયંત્રિત કરી શકતું નથી, જે માતા અને બાળક બંને માટે સ્વાસ્થ્ય સમસ્યાઓ તરફ દોરી શકે છે.*

*જીડીએમના લક્ષણોમાં તરસ લાગવી, વારંવાર પેશાબ માટે જવું અને થાક લાગવાનો સમાવેશ થઈ શકે છે. જો કે, કેટલીક સ્ત્રીઓમાં કોઈ પણ લક્ષણોનો અનુભવ થતો નથી. તેથી જ ગર્ભાવસ્થા દરમિયાન જીડીએમના નિદાનમાટે લોહીમાં સુગર લેવલનુંનિયમિતપરીક્ષણ કરાવવું આવશ્યક છે.*

*જીડીએમનું મેનેજમેન્ટકરવા માટે જીવનશૈલીમાં ફેરફાર કરવો જરૂરી છે, જેમ કે સ્વસ્થ અને સમતોલ આહાર, નિયમિત કસરત અને બ્લડ સુગર લેવલનું નિયમિત પરીક્ષણ કરાવતા રહેવું. કેટલાક કિસ્સાઓમાં, ઇન્સ્યુલિનના ઇન્જેક્શન અથવા અન્ય દવાઓની જરૂર પડી શકે છે. જો કે યોગ્ય કાળજી સાથે, જીડીએમ ધરાવતી મોટા ભાગની સ્ત્રીઓ તંદુરસ્ત ગર્ભાવસ્થા કરી શકે છે અને તંદુરસ્ત બાળકને જન્મ આપી શકે છે.*

*અત્રે એ નોંધવું અગત્યનું છે કે સગર્ભાવસ્થા દરમ્યાન થતું ડાયાબિટીસ માતા અને બાળક બંને માટે લાંબા ગાળાની અસરો કરી શકે છે. જીડીએમ ધરાવતી સ્ત્રીઓને જીવનમાં પ્રસૂતિ પછીના સમયમાં ટાઇપ ટુ ડાયાબિટીસ થવાનું જોખમ વધારે હોય છે, જ્યારે જીડીએમ ધરાવતી માતાઓથી જન્મેલા બાળકોને બાળપણ અને પુખ્તાવસ્થામાં સ્થૂળતા અને ટાઈપ ટુડાયાબિટીસ થવાનું જોખમ વધારે હોય છે.*

*ગૂંચવણો (કોમ્પ્લિકેશન્સ) ના જોખમને ઘટાડવા માટે, જીડીએમનું કાળજીપૂર્વક મેનેજમેન્ટ કરવું અને ડાયાબિટીસના નિષ્ણાત ડોક્ટર સાથે નજીકથી કામ કરવું મહત્વપૂર્ણ છે. આમાં નિયમિત ચેક-અપ, નિયમિત બ્લડ સુગર લેવલ મોનિટરિંગ અને જરૂરિયાત મુજબ તમારી સારવાર યોજનામાં ફેરફાર કરવાનો સમાવેશ થઈ શકે છે.*

*જો તમને જીડીએમહોય, તો સ્વ-સંભાળ (સેલ્ફ-કેર)ને પ્રાથમિકતા આપવી અને જ્યારે જરૂર પડે ત્યારે કુટુંબીજનો અને મિત્રોની સહાય લેવી પણ મહત્વપૂર્ણ છે. સગર્ભાવસ્થા દરમિયાન લાંબા સમય સુધી જીડીએમ જેવી સ્વાસ્થ્ય સ્થિતિનું મેનેજમેન્ટ કરવું શારીરિક અને ભાવનાત્મક બંને રીતે પડકારરૂપ હોઈ શકે છે. જો કે, આ સ્થિતિમાં મદદ કરવા માટે સહાયક ગ્રુપ્સ અને પરામર્શ (કાઉન્સેલિંગ) સેવાઓ જેવા સંસાધનો ઉપલબ્ધ છે.*

*નિષ્કર્ષમાં, સગર્ભાવસ્થા દરમ્યાન ડાયાબિટીસ એ એક સામાન્ય સ્થિતિ છે જે ઘણી સગર્ભા સ્ત્રીઓને અસર કરે છે. જો કે, યોગ્ય કાળજી અને માર્ગદર્શન સાથે, જીડીએમ ધરાવતી સ્ત્રીઓ તંદુરસ્ત ગર્ભાવસ્થા કરી શકે છે અને તંદુરસ્ત બાળકને જન્મ આપી શકે છે.*


## શ્રી આદિ ઘંટાકર્ણ ચેરીટેબલ ટ્રસ્ટ

**આપી જેઓએ અબોલ પશુઓને શાતા...**
**એવા છે અમારા કરુણાપ્રેમી દાતા...**

બકરી ઈદને કરૂણા દિનમાં રૂપાંતર કરનાર સર્વે મુલુંડના દાતા પરિવારોની અંતઃકરણથી આભાર સહ અનુમોદના...

**નીમ્ન સંસ્થાઓએ આપ્યો ઉત્તમ સહકાર...**
**કરીએ અમે એમનો વિશેષ ઋણ સ્વીકાર...**

- જૈન સોશ્યલ ગ્રુપ - મુલુંડ
- સંગીની ફોરમ - મુલુંડ
- જૈન જાગૃતિ સેન્ટર - મુલુંડ
- શ્રી મુલુંડ શ્વે. મૂ. જૈન સંઘ - ઝવેર રોડ હ. દિપક ગોસર
- શ્રી મુલુંડ વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (મોટો ઉપાશ્રય)
- શ્રી અચલગચ્છ જૈન સંઘ - મુલુંડ (પૂર્વ)
- જ્ઞાન સંસ્કાર વાટિકા - મુલુંડ (પૂર્વ)
- જૈન પરિવાર, ઘોડબંદર રોડ, કાસરવડવલી, થાણા



૧૮ જીવ દીપક છોટાલાલ શાહ (લાઈટ કોર્નર-મુલુંડ)
૯ જીવ . . સંજય ભણસાલી (મુંબઈ)
૬ જીવ . . ભીવંડી ફ્રેન્ડ્સ ગ્રુપ હ. દર્શનાબેન શાહ (મુલુંડ)
૫ જીવ . . . પ્રતીક્ષા પરેશ શાહ (મુલુંડ)
૫ જીવ . . . દિવ્યાબેન કીર્તિકુમાર ગાંધી (મુલુંડ)
૫ જીવ . . . જીજ્ઞાબેન દિપક શાહ (મુલુંડ)
૪ જીવ . . . જૈન મશીન ટૂલ્સ એન્ડ ઈલેક્ટ્રિકલ્સ એલ.એલ.પી.(મુલુંડ)
૩ જીવ . . . નટુભાઈ ખીમચંદ તુરખીયા (મુલુંડ)
૩ જીવ . . . ભરતભાઈ તુરખીયા (મુલુંડ)
૩ જીવ . . . હર્ષાબેન તુરખીયા (મુલુંડ)
૨ જીવ . . . લીલાવંતીબેન પોપટભાઈ શાહ (મુલુંડ)
૨ જીવ . . . ગીતાબેન હિરેન શાહ (મુલુંડ)
૨ જીવ . . . હિયા, માયરા આલોક પારેખ હ. દિનેશભાઈ દોશી (મુલુંડ)
૨ જીવ . . . અનન્યા, ઉદયન કેનિલ દોશી હ.પારૂલબેન દોશી (મુલુંડ)
૨ જીવ . . . રક્ષાબેન દિવ્યેશ કોઠારી (બોમ્બે મિડટાઉન-મુલુંડ)

**૧ જીવ**

- હીના મનીષ ગાંધી (થાણા)
- દિપાલી યોગેશ મહેતા (મુલુંડ)
- હિનાબેન અતુલભાઈ પારેખ (મુલુંડ)
- તારાબેન ભીખાલાલ સંઘવી (મુલુંડ)
- કેતકીબેન આર.આર. મહેતા (મુલુંડ)
- હીનાબેન મહેન્દ્ર ગાંધી (મુલુંડ)
- ખ્યાતિ રૂષિક ગાંધી (મુલુંડ)
- કૃતિ શ્રેય ગાંધી (મુલુંડ)
- ડો. હર્ષવી કૌશલ ઠક્કર (લંડન-મુલુંડ)
- સરોજબેન નરેન્દ્ર શાહ (મુલુંડ)
- કલ્પનાબેન મહેન્દ્ર શાહ (મુલુંડ)
- વસંત ઓસ્કાર સંગિની મિત્રો (મુલુંડ)
- લતાબેન વોરા (મુલુંડ)
- સ્મિતાબેન દીપક ગાંધી (મુલુંડ)
- રૂપાલી કાંતાબેન શાંતિલાલ જૈન (મુલુંડ)
- ચારુબેન એ.આર. દોશી (મુલુંડ)
- આશાબેન રાજેન્દ્રભાઈ શાહ (મુલુંડ)
- કુસુમબેન નટવરલાલ વાસા (મુલુંડ)
- છાયાબેન મનીષભાઈ શાહ (મુલુંડ)
- હીનાબેન આર. શેઠ (મુલુંડ)
- વઝે શાળાના મિત્રો (મુલુંડ)
- સરોજબેન ભૂપેન્દ્ર શાહ (મુલુંડ)
- નિશા ઉમેશ મોદી (મુલુંડ)
- જયંતિલાલ ડી. મૈશરી (મુલુંડ)
- હીનાબેન જયેશ શેઠ (મુલુંડ)
- ઉષાબેન ચંદ્રકાંત પરીખ (મુલુંડ)
- જયંતિલાલ પી. હરિયા (મુલુંડ)
- ચિત્રાબેન રમેશભાઈ ધરમશી (મુલુંડ)
- ભાવી મહેશભાઈ મોતા (મુલુંડ)

**આપનો સદૈવ ઋણી : મનોજ શાહ (ગુંદાલા - ટીપટોપ)**


# મુલુંડ કોર્ટના નવા મકાન અંગે મૌખિક નહીં પણ લેખિત બાંયધરી આપોઃ મુંબઈ હાઈકોર્ટ

મુલુંડ ખાતે નીચલી અદાલતની નવી ઇમારતના બાંધકામમાં થઇ રહેલા વિલંબ પર બોમ્બે હાઇકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. બોમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને જસ્ટિસ અમિત બોરકરની ખંડપીઠે આ મામલે રાજ્ય સરકારને કડક શબ્દોમાં કહ્યું છે.

બાર એસોસિએશન વતી એડવોકેટ સંતોષ દુબેએ હાઇકોર્ટમાં અરજી દાખલ કરી છે કે મુલુંડમાં કોર્ટની બિલ્ડીંગ નવેસરથી બનાવવામાં આવે. આ કેસની સુનાવણીમાં બેંચ દ્વારા સરકારને પૂછવામાં આવ્યું હતું કે આ બાબતે શું ઉપાય યોજનાનું આયોજન કરવામાં આવ્યું છે? કોર્ટે સરકારને તેની લેખિત માહિતી કોર્ટ સમક્ષ રજૂ કરવા આદેશ કર્યો હતો.



રાજ્ય સરકાર તરફથી એડવોકેટ પૂર્ણિમા કંથારિયા અને જ્યોતિ ચવ્હાણ હાજર રહ્યા હતા. તેમણે પોતાની દલીલમાં જણાવ્યું હતું કે, ‘‘મુલુંડ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગ બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે જગ્યા પર ઈમારતનું નિર્માણ થવાનુંજ છે તે જગ્યા પરનું રિઝર્વેશન હટાવી લેવામાં આવ્યું છે. કોર્ટ પ્રશાસનને તે જગ્યાનો કબજો આપવામાં આવ્યો છે. આ બિલ્ડીંગ માટે જરૂરી જમીનનો વિસ્તાર, પ્લાન અને કિંમતનો પ્લાન મુખ્ય આર્કિટેક દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યો છે.આ તમામ ટેકનિકલ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્લાન હાઈકોર્ટ પ્રશાસનને સુપરત કરવામાં આવશે. રાજ્ય સરકારનો કાયદા અને ન્યાય વિભાગ આ અંગે જાહેર બાંધકામ વિભાગ સાથે પરામર્શ કરશે. તે પછી, આ સંપૂર્ણ પ્રોજેક્ટ માટે વહીવટી મંજૂરી મેળવવામાં આવશે,‘‘ એમ સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું.જોકે આ તમામ માહિતી કોર્ટમાં મૌખિક રીતે આપવામાં આવી હોવાથી હાઈકોર્ટની ખંડપીઠે નારાજગી વ્યક્ત કરી હતી. ખંડપીઠે નિર્દેશ આપ્યો કે આ સંબંધમાં માત્ર મૌખિક માહિતી નહીં પણ સોગંદનામું રજૂ કરવું જોઈએ.

મુલુંડમાં નીચલી કોર્ટની બિલ્ડીંગ જર્જરિત હોવાથી તે બિલ્ડીંગને બદલે નવી ઈમારત બનાવવી જોઈએ. આ અંગે છેલ્લા ૧૦ વર્ષથી રાજ્ય સરકાર સાથે પત્રવ્યવહાર ચાલી રહ્યો છે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા કોઈ પગલાં ભરવામાં ન આવતાં એડ્. સંતોષ દુબેએ હાઈકોર્ટમાં અરજી કરીને કોર્ટનું ધ્યાન દોર્યું હતું. કોર્ટના નિર્દેશ બાદ હવે રાજ્ય સરકાર પણ ઝડપભેર કામ કરશે. વકીલો અને કર્મચારીઓ આશા રાખી રહ્યા છે કે મુલુંડમાં ટૂંક સમયમાં નવી કોર્ટ બિલ્ડીંગ બનાવવામાં આવશે.


## પ્રાર્થનાસભા



જન્મ
૦૮-૦૬-૧૯૭૯

મરણઃ
૧૬-૦૬-૨૦૨૪

**સ્વ. રાજેશ ઝવેરચંદ દંડ**

ગામ : સાંધવ, હાલ : લાલપુર

*તમારા હેતની ન્હોતી કોઈ હદ, સ્નેહના ન્હોતા કોઈ સીમાડા,*
*મમતાની ન્હોતી કોઈ મર્યાદા, આશિષમાં ન્હોતી કોઈ અધિરાશ,*
*કરૂણાના ન્હોતા કોઈ કિનારા, કેમ કરીને ભૂલીએ તમારા સંભારણા....*
*તમને પ્રભુનું સાંનિધ્ય અને સદ્ગતિની પ્રાપ્તિ હોજો એજ અંતરભીની પ્રાર્થના*

**પ્રાર્થનાસભા**

ગુરૂવાર, તા.૨૦-૦૬-૨૦૨૪
સમય : બપોરે ૪.૩૦ થી ૬ કલાકે
સ્થળ : કુકરેજા કોમ્પલેક્સ હૉલ,
એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૭૮.

**શોકાતૂર : સ્નેહી, સ્વજનો તેમજ મિત્ર પરિવાર**

# પાટા પર દોડતી અસલામતી



તંત્રીસ્થાનેથી

જયંત છેડા

છેલ્લા કેટલાય વર્ષોથી રેલ્વે સેવાઓને સુંદર, સુરક્ષિત અને સુવિધાજનક બની હોવાના દાવાઓ કરવામાં આવી રહ્યા છે. પરંતુ રેલ્વે અકસ્માતો થતા રોકવા એ હજી પણ એક પડકાર છે. એકાદ વર્ષ પહેલાં ઓરિસ્સાના બાલાસોરમાં ત્રણ ગાડીઓ આપસમાં ટકરાઈ હતી જેમાં ૨૯૦થી વધુ લોકો માર્યા ગયા હતા. હવે પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં એક માલગાડીએ કંચનજંગા એક્સપ્રેસને પાછળથી ટક્કર મારી દીધી જેમાં ૧૫થી વધુ લોકોના મોતની અને ૬૦થી વધુ લોકોના ઘાયલ થયાનાં સમાચાર આવ્યા છે. ટ્રેનની પાછળના જે ડબ્બાઓને ટક્કર વાગી તેમાંથી બે ડબ્બા લગેજ અને ગાર્ડના ડબ્બો હતા. જો તેમાં પણ પ્રવાસીઓ હોત તો અંદાજ લગાવી શકાય છે કે આ અકસ્માત કેટલો મોટો થાત. આ અકસ્માત માટે સ્વચાલિત સિગ્નલ સિસ્ટમમાં ખરાબી થવાનું કારણ બતાવાઈ રહ્યું છે. જે રીતે દરેક અકસ્માત પછી મૃતકો અને ઘાયલો માટે વળતરની ઘોષણા કરવામાં આવે છે, તે ઔપચારિકતા પણ પૂરી કરવામાં આવી છે, પરંતુ અકસ્માતનું ખરું કારણ બતાવવામાં આવતું નથી. કહેવામાં આવી રહ્યું છે કે આ રેલ્વેમાર્ગ પર હજી ટક્કરને અવરોધવા માટેનું ઉપકરણ કવચ હજી લગાવવામાં આવ્યું નથી, નહીતર આ અકસ્માત ન થાત.

દરેક રેલ્વે અકસ્માત પછી નિયમ-કાયદાઓનું ઉલ્લંઘન, તકનીકી ખામીઓ વગેરેને લઈને મંથન ચાલતું રહે છે અને છેવટે તેના ઉપર પડદો પાડીને તેને ભૂલાવી દેવામાં આવે છે. જો રેલ્વે વિભાગ ખરેખર રેલ દુર્ઘટનાઓને રોકવા માટે ગંભીર હોત તો આવી મામૂલી લાપરવાહીઓ અને તકનીકી ખામીઓને કારણે આવા મોટા અકસ્માતો ન થાત. ટ્રેનોમાં ટક્કર વિરોધી ઉપકરણ લગાવવાનો પ્રસ્તાવ લગભગ ૨૫ વર્ષ જૂનો છે. વર્તમાન સરકારને એ માટે કવચ નામનું ઉપકરણ વિકસાવ્યું છે અને જોરશોરથી દાવો કરવામાં આવી રહ્યો છે કે આ ઉપકરણથી રેલ્વે દુર્ઘટનાઓ પર સંપૂર્ણ નિયંત્રણ આવી જશે. પરંતુ હકીકત એ છે કે હજી સુધી ફક્ત દોઢ હજાર મીટર પાટાઓ પર આ ઉપકરણ લગાવી શકાયું છે. જો કે રેલ્વે અકસ્માત ફક્ત ગાડીઓના ટકરાવાથી જ નથી થતા. ક્યારેક પાટાઓ ઉખડી જવાથી ડબ્બો પાટા પરથી ઉતરી જાય છે, ક્યારેક ખોટા પાટાઓ ઉપર ટ્રેનને રવાના કરી દેવાય છે તો ક્યારેક સિગ્નલ સિસ્ટમ બરાબર ન હોવાને કારણે ટ્રેનો સ્ટેશન છોડીને આગળ ચાલી જાય છે. ઘણખરા અકસ્માતો વ્યસ્ત માર્ગો અને હાઈ સ્પીડ ગાડીઓમાં જ જોવા મળે છે.

આશ્ચર્ય એ વાતનું છે કે દેશમાં બુલેટ ટ્રેન ચલાવવાનો નકશો દોરાઈ રહ્યો છે, વંદેભારત જેવી હાઈ સ્પીડ ગાડીઓની સંખ્યા વધારવા પર જોર આપવામાં આવી રહ્યું છે, પરંતુ પાટાઓને સક્ષમ બનાવવા જે જરૂરી સંસાધન જોઈએ તે ઉપલબ્ધ કરવામાં આવતા નથી. અસુરક્ષિત પાટાઓ અને નબળી સંચાલન પદ્ધતિ દ્વારા પ્રવાસીઓને સુરક્ષિત સફર પૂરી પાડવી એ એક પડકાર જ રહેશે. લગાતાર અકસ્માતો થયા પછી જે રીતે રેલ્વે મંત્રીની કાર્યપદ્ધતિ પર ગંભીર સવાલ ઊભા થયા હતા ત્યારે અપેક્ષા હતી કે એમાં સુધારો કરવામાં આવશે. પરંતુ નવી સરકારમાં એ જ મંત્રીને રેલ્વેનું ખાતું સોંપવામાં આવ્યું છે. હવે ફરી એ જ જૂનો અકસ્માતોનો સિલસિલો શરૂ થયો છે. જો કે રેલ્વે મંત્રી તુરંત દુર્ઘટના સ્થળ પર પહોંચી ગયા હતા પરંતુ રેલ્વે મંત્રીની કાળજી ત્યારે સાબિત થાય જ્યારે રેલ્વે સુરક્ષા સંબંધિત મૂળભૂત પાસાંઓ પર ગંભીરતા દેખાડે. દેશમાં એક રેલ્વે અકસ્માત પછી રેલ્વે મંત્રીએ રાજીનામું આપ્યાનું ઉદાહરણ પણ મોજુદ છે. લોકો રેલ્વે તંત્ર પર ભરોસો કરીને પોતાના ગંતવ્ય સ્થાને જવા નીકળે છે, પરંતુ કોઈની લાપરવાહીને કારણે તેમને જાન ખોવો પડે છે.

કોઈ પણ અકસ્માત થયા પછી તેના કારણોની તપાસ કરવી એ એક અનિવાર્ય પ્રક્રિયા છે, જેમાં તથ્યોના આધારે જવાબદારી નક્કી કરવામાં આવે છે. પરંતુ કેટલાય અકસ્માતોની અથવા તપાસમાં અસલી દોષી પકડમાં આવતો નથી કે તપાસનો રીપોર્ટ કોઈ નક્કર નિષ્કર્ષ પર પહોંચતો નથી. એ હવે એક જાહેર વાત બની ગઈ છે કે એના માટે કોઈને કોઈ સ્તરે પૂરાવાઓને નષ્ટ કરવા, તથ્યોને છૂપાવવા કે તેમાં છેડછાડ કરવાની કોશિશ કરવામાં આવી હોય છે. દોષીઓને બચાવવા આ પ્રકારની હેરાફેરી કરવાવાળાઓ પર લગામ લગાવ્યા સિવાય આ પ્રકારના અકસ્માતોનો સિલસિલો બંધ નહીં થાય.

# ૨૪ જૂન આદિદેવી સરસ્વતી જગદંબા માની સ્મૃતિ દિવસ પર શ્રદ્ધાસુમન સમર્પણ

આજે મને યાદ આવે છે કે મમ્મી કહેતી હતી કે, આપણી કથની અને કરણી એક હોવી જોઈએ. મમ્માની શિક્ષાએ આજે પણ યાદ આવે છે. મમ્મા કહેતી હતી કે, ક્યારેય પણ થકાવટ શબ્દ ન બોલો. તેમજ શું કરુ, હું તો પુરુષાર્થી છું. મારાથી નાની-મોટી ભૂલો થવાની સંભવ છે. પરંતુ મમ્મા કહેતી હતી કે, એક વખત થયેલી ભૂલને ઘડી ઘડી રીપીટ ન કરો. તો પ્રભુ પણ તમને માફ કરશે નહીં તો ભૂલો કરવાના તમારા સંસ્કાર બની જશે. એટલે તમે ઈશ્વરીય જ્ઞાનની ખોરાક ખાતા રહો. નહીં તો માયા તમારો સમય, સંકલ્પ, શ્વાસ વ્યર્થ કરશે. પ્રભુચિંતન સર્વ શ્રેષ્ઠ ચિંતન છે. આ આંખોથી મે મમ્માને જોયા. મમ્માની બુદ્ધિની લાઈન કલીન અને કલીયર રહેતી હતી કારણકે મમ્માની બુદ્ધિ સદાય પ્રભુ તરફ રહેતી હતી.

માતેશ્વરી જગદંબા મા ૧૮ વર્ષની ઉંમરે આ ઈશ્વરીય યજ્ઞમાં સમર્પિત થયા. કન્યા હતા પરંતુ તેમનું જીવન નિરઅભિમાની અને દિવ્યગુણ મૂર્ત અને સર્વે યજ્ઞ વત્સો એમના ઈશારાને ઈશ્વર આદેશ સમજીને ચાલતા હતા. મમ્માની બુદ્ધિ દિવ્યતાથી ભરપૂર હોવાના કારણે ક્યારેય પણ શિવબાબા તેમજ બ્રહ્મા બાબામાં સંશય ન આવતો. મમ્મા દ્વારા જીવનમાં નિર્વિઘ્ન બની ખૂબ જ શિક્ષાઓ પ્રાપ્ત કરી જેવી રીતે મમ્માએ કહ્યું કે, હંમેશા આપણને અંદર અને બહાર એક રહેવું, સાચું બોલવુ, સત માર્ગ પર ચાલી સર્વે માનવ આત્માઓને પણ સત માર્ગે ચલાવવાનું એ આપણું કર્તવ્ય છે. એવી મા ને આજની પુણ્યતિથિ દિવસ પર કોટી-કોટી સ્મરણાંજલિ.

– બ્ર.કુ.ડો.ગોદાવરી દીદી, મુલુંડ

# રાજ્યમાં પ્રથમ વખતે રેકોર્ડ બ્રેક ૨૦ લાખ યુનિટ રક્ત જમા થયું

૨૦૨૩માં મહારાષ્ટ્રમાં પહેલી વાર ૨૦ લાખ યુનિટ બ્લડ કલેક્શન નોંધાયું હતું અને આ એક મોટી સિદ્ધિ છે. આની પાછળ એક મોટું કારણ એ છે કે હવે મહિલા બ્લડ-ડોનર્સની સંખ્યા વધી રહી છે.

૧૪ જૂને વર્લ્ડ બ્લડ ડોનર ડે નિમિત્તે સ્ટેટ બ્લડ ટ્રાન્સફ્યુઝ કાઉન્સિલે જાહેર કર્યું હતું કે રાજ્યમાં બ્લડ ડોનેટ કરનારાઓ મહિલાઓનો હિસ્સો ૫.૫ ટકા છે. જોકે પુરુષ બ્લડ-ડોનર્સના સંખ્યા સામે આ આંકડો નાનો લાગે છે. પણ નિષ્ણાતો જણાવી રહ્યા છે કે આ બદલાઈ રહેલો ટ્રેન્ડ છે.

૨૦૨૩માં રાજ્યમાં ૨૦.૪ લાખ યુનિટ બ્લડનું કલેક્શન થયું હતું, જે ૨૦૨૨ના ૧૯.૩ લાખ યુનિટ કરતાં વધારે આ બ્લડ ડોનર્સ પૈકી ૧,૧૨,૫૧૨ (૫.૫ ટકા) મહિલાઓ છે. ડૉક્ટરો કહે છે કે એનીમિયા, લોઅર બ્લડ પ્રેશર મેન્યુઅલ સાઇકલ અને ૪૫ કિલોગ્રામથી વધારે વજન મર્યાદાને કારણે ઓછી મહિલાઓ બ્લડ ડોનેટ કરે છે, હવેની મહિલાઓ પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખતી હોવાને લીધે બ્લડ ડોનર્સની સંખ્યા વધી રહી છે.

# એક રાજ્ય એક યુનિફોર્મ યોજના આ વર્ષે લાગુ કરવા માટે રાજ્ય સરકાર નિષ્ફળ રહી

મહારાષ્ટ્ર સરકારે સરકારી સ્કૂલોમાં ભણતા ૪૮ લાખ વિદ્યાર્થીઓ માટે એક રાજ્ય, એક યુનિફોર્મની યોજના બનાવી હતી પણ ચાલુ વર્ષે એ ફેલ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે. ૧૫ જૂનથી સ્કૂલો તો શરૂ થઈ ગઈ છે, પણ સરકાર યુનિફોર્મ તો શું એ સીવવા માટે કપડું પણ પહોંચાડી નથી શકી. આથી વિદ્યાર્થીઓએ યુનિફોર્મ વગર જ સ્કૂલમાં જવું પડયું છે. અગાઉ સરકાર સ્કૂલોમાં ભણતા વિદ્યાર્થીઓના યુનિફોર્મ ખરીદવા માટે શિક્ષણ સમિતિને કેશ રૂપિયા આપતી હતી, પણ બાદમાં સરકારે રૂપિયા આપવાને બદલે વિદ્યાર્થીઓને યુનિફોર્મ પૂરા પાડવાની જવાબદારી લીધી હતી. સરકારે એક કંપનીને યુનિફોર્મ સપ્લાય કરવાનો કોન્ટ્રેક્ટ આપ્યો હતો. આ કંપની શિક્ષણ સમિતિને યુનિફોર્મ અને કાપડ પૂરાં પાડવાની હતી. જોકે સ્કૂલો શરૂ થઈ ગઈ હોવા છતાં યુનિફોર્મ કે કપડું પહોંચાડવામાં નથી આવ્યાં. આ વિશે મહારાષ્ટ્ર વિધાન પરિષદના વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેએ આરોપ કર્યો છે કે ટકાવારીના ચક્કરમાં યુનિફોર્મની યોજના ટલ્લે ચડી ગઈ છે. ૧૦૦ રૂપિયામાં યુનિફોર્મ સીવવાની બચત ગટે ના પાડી દીધી હોવાનું જાણવા મળ્યું છે. આથી લાખો વિદ્યાર્થીઓને હાલમાં યુનિફોર્મ મળવાની કોઈ શક્યતા નથી.

# વિદ્યાર્થીઓને શાળાકીય શિક્ષણમાં ડિફેન્સના પાઠ ભણાવવાનું નિવૃત્ત બ્રિગેડિયરનું સૂચન

કારગિલ યુદ્ધમાં ભાગ લેનાર અને હાલ નિવૃત્ત બ્રિગેડિયર સુધીર સાંવતે થાણામાં કહ્યું હતું કે 'હાલ દેશમાં પરિસ્થિતિ છે એ જોતા વિદ્યાર્થીઓના પોર્શનમાં જ ડિફેન્સ વણી લો અને તેમને ડિફેન્સના પાઠ ભણાવો જેથી તેમનામાં દેશદાઝની ભાવના જાગશે. યુવાનોને ડિફેન્સમાં જોડવા જોઈએ. જો વિદ્યાર્થીઓને ડિફેન્સનું નોલેજ હશે તો તેમનામાં દેશ પ્રત્યેની ફરજ વધુ સારી રીતે પ્રસ્થાપિત થશે.'

બ્રિગેડિયર સુધીર સાવંત હાલ ફોરમ ઓફ સ્ટ્રેટેજિકસ્ટીઝમ ચેરમેન છે.




# ભૂસ્ખલનથી ઓટો-રિક્ષા પર પથ્થર પડતાં બે મુલુંડવાસીઓના થયા મોત

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના માલશેજ ઘાટ પર ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલન પછી ત્યાંથી પસાર થઇ રહેલી એક ઓટો-રિક્ષા પર મોટો પથ્થર પડતાં એક પુરુષ અને એક સગીર છોકરાનું મૃત્યુ થયું હતું જ્યારે એકમહિલા ઘાયલ થઈ હતી એમ પોલીસે જણાવ્યું હતું.આ ઘટના મંગળવાર તા. ૧૧ જૂનની સાંજે કલ્યાણ-અમદાનગર હાઇવે પર બની હતી, જેના પગલે થોડા સમય માટે માર્ગ પર ટ્રાફિકની અવરજવર પ્રભાવિત થઈ હતી.

ઘટનાની વિગત પ્રમાણેએક પરિવારના પાંચ સભ્યો મુલુંડથી અહમદનગર જિલ્લાના સંગમનેર સુધી ઓટો-રિક્ષામાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે માળશેજ ઘાટમાં ૧૫થી ૨૦કિલો વજનનો પથ્થર ઓટો-રિક્ષા પર પડ્યો હતો. જેને લીધે મુલુંડના રહેવાસી રાહુલ બબન ભાલેરાવ (૩૦ વર્ષ) અને તેના ભત્રીજા સ્વયમ સચિન ભાલેરાવ (૭ વર્ષ)નું મૃત્યુ થયું હતુંઅને એક ૫૫વર્ષીય મહિલાને ગંભીર ઈજાઓ થઈ હતી.

પોલીસ અને રેસ્ક્યુ ટીમ એલર્ટ મળ્યા બાદ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. ઓતુર પોલીસ દ્વારા આકસ્મિક મૃત્યુનો અહેવાલ નોંધવામાં આવ્યો હતો.

PART TIME JOB
A REPUTED MNC REQUIRE
Retired / VRS / House Wives / Senior Citizen to Start Second Innings
Age 30 to 70 Years
Earn Rs.30,000 to 1,00,000+ PF + Medical + Gratuity
Call: 98199 11819






# GS SHETTY CRYSTAL HALL

Crystal hall, has exquisite interiors and high ceiling to give it a Crystal look. It has a floating capacity for 125 people (Seating Capacity 70 people). The dining area is separate and on the same level, hence facilitates easy flow of people. The hall is fully air-conditioned comes with kitchen space & excellent washroom with a glance of Gautam Buddha.





Gala No.5, Dr Rajendra Prasad Rd, Jagjivan Ram Nagar, Mulund West, Mumbai, Maharashtra 400082

Contact Details - 8452037666

Saatvik
FOOD HUB
grown by nature, served by us



VEG MEAL TRAY / ORIENTAL MEAL TRAY

TO ORDER ONLINE

zomato | SWIGGY

www.fofcuisine.petpooja.com

F29 Runwal Galleria, Runwal Greens,
Mulund Goregoan link road,Mulung West




Call For Delivery - 955 955 6797 | 955 955 9459

## લાલજી સર દ્વારા ૪૭મા મહિનાની રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું

લાલજી સરે બાયપાસ સર્જરી પછી પણ રાશનકીટ સેવા ચાલુ રાખીને તા. ૧૩-૬-૨૪ના રોજ ૪૭મા મહિનાનું રાશન વિતરણ કરવામાં આવ્યું હતું. મુલુંડ પશ્ચિમમાં મુલુંડ હાઈસ્કૂલમાં આનંદ કલાસીસના માધ્યમથી ૨૦૧ જરૂરતમંદ પરિવારોને રાશનકીટ અપાઈ હતી. લાલજી સરના ધર્મપત્ની કુસુમબેનની બીજી પુણ્યતિથિએ જાણીતા ભાગવત કથાકાર વિશાલ મહારાજ (મુલુંડવાળા) દ્વારા વિશિષ્ટ ભાવાંજલિ આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંકલન અને સંચાલન લાલજી સરે કર્યું.

## મુલુંડમાં કારની ટક્કરથી યુવક ઘાયલ

મંગળવાર તા. ૧૧ જૂનની વહેલી સવારે મુલુંડમાં ફૂટપાથ પરથી જઈ રહેલા એક યુવકને એક સ્પીડમાં આવતી કાર ઉપરથી ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં ટક્કર મારી હતી. પાંચ રસ્તા વિસ્તારમાં સવારે ૩ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો.આ અકસ્માતમાં યુવક ગંભીર રીતે ઘાયલ થયો હતો. મુલુંડ પોલીસે કાર ચાલકની સામે કાર્યવાહી કરી હતી.

મુલુંડમાં રહેતા ૨૮ વર્ષના પીયૂષ રામચંદાની પિતાના એક મિત્રનો જન્મદિવસ મનાવીને તે અને અન્ય બે લોકો સાથે ફૂટપાથ પરથી પોતાની કાર તરફ જઈ રહ્યા હતા. તે દરમ્યાન એક સ્પીડમાં આવતી કારના ચાલકે કાર પરથી કાબૂ ગુમાવી દીધો હતો અને ફૂટપાથ પર ચાલી રહેલા પીયૂષને ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં પીયૂષ ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેના મિત્રોએ તેને એક પ્રાઈવેટ હોસ્પિટલમાં ભરતી કર્યો હતો. હાલ હોસ્પીટલમાં પીયુષનો ઈલાજ ચાલી રહ્યો છે. મુલુંડ પોલીસે ૨૭ વર્ષના કારચાલક દીપ ઠક્કરની ધરપકડ કરીને તેની વિરુદ્ધ કાર્યવાહી કરી હતી. પાછળથી તેને નોટિસ આપીને છોડી મુકવામાં આવ્યો હતો.

## મુલુંડના ઓટો-રિક્ષા ડ્રાઈવરના પુત્ર એ JEE એડવાન્સ ૨૦૨૪ એન્ટ્રન્સ એક્ઝામમાં ૩૬૭મો રેન્ક મેળવ્યો

ગુર્જરમાતના ગયા અંકમાં મુલુંડનો ધ્રુવિન દોશી JEE એડવાન્સ ૨૦૨૪ એન્ટ્રન્સ એક્ઝામમાં સમસ્ત ભારતમાંથી ટોપ ટેનમાં આવ્યાના સમાચાર પ્રકાશિત થયા હતા, હવે મુલુંડના એક ઓટો-રિક્ષા ડ્રાઈવરના પુત્ર પાર્થ વૈતી માટે અભ્યાસ અને કોચિંગ માટે અતિશય પ્રતિકૂળ સંજોગો હોવા છતાં આ એન્ટ્રન્સ એક્ઝામ ક્લિયર કરી છે અને હવે તે IIT મુંબઈમાં કોમ્પ્યુટર સાયન્સમાં પ્રવેશ મેળવવાની આશા રાખે છે.



આર્થિક કટોકટી સંઘર્ષ સાથે માતાને લોકોના ઘરકામ કરતી અને તેના પિતાને ઓટો-રિક્ષા ડ્રાઈવર તરીકે જોઈને, પાર્થ વૈતીને સખત મહેનત કરવા અને JEE એડવાન્સ ૨૦૨૪ માં ૨૬૭ માર્ક્સ સાથે ઓલ ઈન્ડિયા રેન્ક ૩૬૭ મેળવવા અને OBC રેન્ક ૫૦પ્રેરણા મળી. તે સ્નાતક થયા પછી ઉચ્ચ પગારવાળી નોકરી મેળવવાની અને મુલુંડમાં તેમના સાધારણ સિંગલ-રૂમના રહેઠાણમાંથી યોગ્ય મકાનમાં રહેવામાટે ઈચ્છા ધરાવે છે.

કમ્પ્યુટર સાયન્સમાં એન્જિનિયરિંગ કર્યા પછી શું કરવા માગે છે તેના જવાબમાં પાર્થ જણાવે છે,હું સ્નાતક થયા પછી મારા માતાપિતાને આર્થિક રીતે મદદ કરવા માંગુ છું, હું IIT બોમ્બે અથવા IIT દિલ્હીમાં કમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ (CSE)માં પ્રવેશ મેળવવાની આશા રાખું છું. મેં CSE શાખા પસંદ કરી છે કારણ કે મને ખબર છે કે તે મને ઉચ્ચ પગારવાળી નોકરી મેળવવામાં મદદ કરી શકે છે. મારી પ્રાથમિકતા મારા પરિવારને આર્થિક રીતે મદદ કરવાની છે, મારા માતા-પિતાએ મારા શિક્ષણને ટેકો આપવા માટે આખી જિંદગી સખત મહેનત કરી છે,''

કોચિંગ સેન્ટરોની ઊંચી ફી અને તે કેવી રીતે સ્કોલરશિપ મેળવવામાં સફળ થયો તે વિશે વાત કરતાં પાર્થ કહે છે, મેં એલન કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત સ્કોલરશિપ આપી હતી, જેમાં મેં ૯૦ ટકાથી વધુ માર્ક્સ મેળવ્યા હતા. મારા માર્ક્સ અને ક્ષમતા જોઈને કોચિંગ સેન્ટરે મને કોહિનૂર યોજના હેઠળ સંપૂર્ણ શિષ્યવૃત્તિ, અભ્યાસ સામગ્રી અને અન્ય સુવિધાઓ પૂરી પાડી હતી. હું દસમા ધોરણમાં હતો ત્યારથી મેં JEEની તૈયારી શરૂ કરી હતી.

ભવિષ્યની કારકિર્દી અંગેના પૂછતાં પાર્થે કહ્યું હતું કે હું સંશોધનના ક્ષેત્રમાં સંપૂર્ણ કારકિર્દી સ્થાપિત કરવા વિદેશ જવા માંગુ છું.

## બે મહિના દરમ્યાન મધ્ય રેલવે ટિકિટ વિના પ્રવાસ કરનારાઓ પાસેથી ૬૩.૬૨ કરોડ વસૂલ્યાં



સેન્ટ્રલ રેલવેએ તમામ ડિવિઝનમાં સબર્બન, મેલ/એક્સપ્રેસ, પેસેન્જર સેવાઓ અને સ્પેશ્યલ ટ્રેનોમાં ટિકિટ વગર અને અનિયમિત પ્રવાસને રોકવા માટે ટિકિટ-ચેકિંગ હાથ ધર્યું હતું. એમાં સેન્ટ્રલ રેલવેએ એપ્રિલથી મે મહિનામાં ગેરકાયદે અને અનિયમિત પ્રવાસીઓના ૯.૦૪ લાખ કેસમાંથી ૬૩.૬૨ કરોડ રૂપિયાની આવક નોંધાવી છે. ગેરકાયદે અને અનિયમિત પ્રવાસીઓના સૌથી વધુ કેસ અને આવક સેન્ટ્રલ રેલવેના પાંચ વિભાગમાંથી મુંબઈ વિભાગમાં નોંધાયા છે. એ પ્રમાણે મુંબઈ વિભાગમાં ૪.૦૭ લાખ કેસમાંથી ૨૫.૦૧ કરોડ રૂપિયાની આવક નોંધાઈ છે.

## જન્મથી લઈને વય-આધારિત: વિવિધ વય-જૂથ (Age-ગ્રુપ્સ)માં થતા મોતીબિંદુ

આંખના કુદરતી લેન્સ ઉપર છારી બાઝી જતા તે ધૂંધળા થઇ જાય છે, જેને આપણે મોતીબિંદુ કે મોતિયો થયો એમ કહીએ છીએ. એ સામાન્ય રીતે વૃદ્ધત્વ સાથે સંકળાયેલું હોય છે, પરંતુ તે જીવનના વિવિધ તબક્કામાં વ્યક્તિઓને અસર કરી શકે છે. શિશુઓથી લઈને વૃદ્ધો સુધી, વિવિધ વય જૂથોને મોતીબિંદુ કેવી રીતે અસર કરે છે તે સમજવું, પ્રારંભિક તપાસ અને અસરકારક સારવાર માટે નિર્ણાયક છે.

**જન્મજાત મોતીબિંદુ:** જન્મથી એક પડકારરૂપે જન્મજાત મોતીબિંદુ (congenital cataract) અમુક બાળકોને જન્મ સમયે જ હોય છે. તે આનુવંશિક પરિવર્તન, ગર્ભાશયમાં બાળકને ચેપ લાગવાથી અથવા ચયાપચયની વિકૃતિઓથી પરિણમી શકે છે. દુર્લભ હોવા છતાં, જો તાત્કાલિક સારવાર ન કરવામાં આવે તો આ મોતીબિંદુ બાળકની દૃષ્ટિને નોંધપાત્ર રીતે અસર કરી શકે છે. જન્મજાત મોતીબિંદુવાળા શિશુઓની આંખમાં સફેદ કે રાખોડી ડાઘ, નબળું દૃષ્ટિ અથવા અથવા ધીરે ધીરે દૃશ્યનું સ્પષ્ટ થવું જેવા ચિહ્નો પ્રદર્શિત કરી શકે છે. વહેલું નિદાન અને સારવાર, જેમાં મોટાભાગે મોતીબિંદુને શસ્ત્રક્રિયાથી દૂર કરવાનો સમાવેશ થાય છે, લાંબા ગાળાની દ્રષ્ટિની ક્ષતિને રોકવા અને સામાન્ય દૃષ્ટિ મેળવવા માટે જરૂરી છે.

**બાળકોને જન્મ પછી બાળવયમાં થતા મોતીબિંદુ:** બાળકોમાં મોતીબિંદુ, જો કે જવલ્લે જ થાય છે, તે આનુવંશિક પરિબળો, ઇજા અથવા ડાયાબિટીસ જેવા રોગોને કારણે થઈ શકે છે. જન્મજાત મોતીબિંદુથી વિપરીત, બાળકોના મોતીબિંદુ જીવનના પ્રથમ થોડા વર્ષોમાં વિકસી શકે છે. તેના




લક્ષણોમાં અસ્પષ્ટ દ્રષ્ટિ, વાંચવામાં મુશ્કેલી અને પ્રકાશની સંવેદનશીલતા સામેલ હોઈ શકે છે. સામાન્ય રીતે બાળકોના મોતિયાની શસ્ત્રક્રિયાની ભલામણ કરવામાં આવે છે, ત્યારબાદ યોગ્ય દ્રષ્ટિ મેળવવા માટે ચશ્મા અથવા કોન્ટેક્ટ લેન્સ જેવા સુધારાત્મક પગલાં લેવામાં આવે છે.

**મધ્ય-વયમાં થતા મોતીબિંદુ:** 'ધ મિડલાઇફ ચેલેન્જ' પુખ્ત વયના લોકોમાં, તેમના ૪૦ અને ૫૦ના દાયકાની શરૂઆતમાં વિકસિત થવાનું શરૂ કરી શકે છે, પરંતુ તેઓ સામાન્ય રીતે ત્યાર બાદ દ્રષ્ટિને નોંધપાત્ર રીતે અવળી અસર કરતા નથી. તે પ્રારંભિક શરૂઆત અથવા પ્રિસેનાઇલ મોતીબિંદુ તરીકે ઓળખાય છે, તે અતિશય અલ્ટ્રા વાયોલેટ (યુવી) કિરણો સાથે સંપર્ક, ધૂમ્રપાન, ડાયાબિટીસ અને અમુક દવાઓ જેવા પરિબળોથી પ્રભાવિત થઈ શકે છે. દ્રષ્ટિના ઘટાડાનો અનુભવ કરતા પુખ્ત વયના લોકોએ મોતીબિંદુની પ્રગતિનું નિરીક્ષણ કરવા માટે નિયમિત આંખની તપાસ કરાવવી જોઈએ અને જ્યારે દૃષ્ટિની ઓછપને કારણે દૈનિક પ્રવૃત્તિઓ પ્રભાવિત થાય ત્યારે સંભવિત સર્જિકલ વિકલ્પોની ચર્ચા કરવી જોઈએ.

**વય-સંબંધિત મોતિયા:** વૃદ્ધ વ્યક્તિઓને થતા વય-સંબંધિત મોતીબિંદુ એ તેનો સૌથી સામાન્ય પ્રકાર છે, જે ૮૦ વર્ષની ઉંમર સુધીની અડધાથી વધુ વ્યક્તિઓને અસર કરે છે. આ મોતીબિંદુ ધીમે ધીમે વિકસે છે કારણ કે મોટી વયે લેન્સમાં પ્રોટીનનું વિભાજન થાય છે અને એકસાથે ગંઠાઈ જાય છે, જે ધૂંધળી દ્રષ્ટિ તરફ દોરી જાય છે. તેના લક્ષણોમાં ઝાંખી દ્રષ્ટિ, રાત્રે જોવામાં મુશ્કેલી, લાઇટની આસપાસ પ્રભામંડળ અને ચશ્માના નંબરમાં વારંવાર ફેરફારનો સમાવેશ થાય છે. જો કે આ પ્રકારના મોતીબિંદુને શરૂઆતમાં યોગ્ય પ્રકાશ અને ચશ્મા વડે નિયંત્રિત કરી શકાય છે પરંતુ મોતિયાની શસ્ત્રક્રિયા એ તેની સૌથી ચોક્કસ સારવાર છે. આ સર્જરી, જેમાં ધૂંધળા લેન્સને સ્પષ્ટ કૃત્રિમ લેન્સથી બદલવામાં છે, તે ઉચ્ચ સફળતા દર ધરાવે છે અને વૃદ્ધ દર્દી ઓ માટે જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કરી શકે છે.

**નિષ્કર્ષ:** મોતીબિંદુ કોઈ પણ ઉંમરે વ્યક્તિઓને અસર કરી શકે છે, જેમાં દરેક ઉંમરે થતા મોતીબિંદુ અલગ અલગ પડકારો રજૂ કરે છે અને દરેક પ્રકારની સારવાર માટે મોતીબિંદુના અનુરૂપ અભિગમની જરૂર છે. શિશુઓમાં જન્મજાત મોતીબિંદુથી લઈને વૃદ્ધોમાં વય-સંબંધિત મોતીબિંદુ સુધી, પ્રારંભિક તપાસ અને સમયસર સારવાર એ દ્રષ્ટિ જાળવવા અને જીવનની ગુણવત્તા વધારવાની ચાવી છે. આંખની નિયમિત તપાસ, લક્ષણો પ્રત્યે જાગરૂકતા અને સમયસર તબીબી સંભાળ એ સુનિશ્ચિત કરી શકે છે કે મોતિયા ગમે ત્યારે થાય પણ તે સ્પષ્ટ દ્રષ્ટિ અને પરિપૂર્ણ જીવનના માર્ગમાં ઊભા ન રહે.

# ગોલ્ડન એજ ગ્રુપની અગિયારમી મિટિંગ સંપન્ન થઈ

ગોલ્ડન એજ ગ્રુપની અગિયારમી મિટિંગ તા.૧૩ જૂન ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન વિકાસ સેન્ટરમાં આર્ય નિવાસ હોલમાં યોજવામાં આવી હતી મિટીંગમાં ૯૦ મેમ્બરો એ હાજરી પુરાવી હતી. શરૂઆત આ મહિનામાં જે મેમ્બરોના જન્મ દિવસ આવે છે તેમને અભિનંદન આપીને કરવામાં આવી હતી. આજે ઉષ્માબેન કોઠારીને આમંત્રણ આપવામાં આવ્યું હતું. બધા કાર્ય મોબાઈલથી ઘેર બેઠા કરી શકાય છે. પણ તેના માટે વિશેષ જાણકારી હોવી જરૂરી છે. સિનિયર સિટીઝનને આ બધી બાબતો શીખવા માટેના ઉષ્માબેન ખાસ ક્લાસ કરાવે છે અને તેની વિગતવાર માહિતી ગ્રુપમાં ખાસ ડિસ્કાઉન્ટ સાથે પુરી પાડી હતી. બધા મેમ્બરો



કરાઓકે પર ફિલ્મી ગીતો ગાઇને ઝુમી ઉઠ્યા હતા જે મેમ્બરોને સમય ઓછો પડવાને કારણે ગાવા નથી મળ્યું તેમના માટે આ જ પ્રોગ્રામ ફરીથી કરવામાં આવશે. નાસ્તો અને આઇસ્ક્રીમ ગોલ્ડન એજ ગ્રુપ, અનસુયાબેન ઠક્કર, જગદીશભાઈ કોટેચા, નિલમ દેઢિયા અને લક્ષ્મીબેન શેઠિયા તરફથી આપવામાં આવ્યો હતો.





# પ્રજાપિતા બ્રહ્મકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી


આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું આયોજન શુક્રવાર, ૨૧ જૂનના પ્રજાપિતા બ્રહ્મકુમારી ઈશ્વરીય યુનિવર્સિટી દ્વારા યોગ દિવસે સવારે ૭.૩૦ થી ૮.૩૦ કલાકે શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, મુલુંડ ખાતે કરેલ છે.

વર્તમાન સમયમાં આખા વિશ્વમાં રોગ, દુઃખ અને દર્દ તેમ જ અશાંતિનું માહોલ ફેલાઈ રહ્યું છે. આ સમયે માણસે યોગ દ્વારા સ્વસ્થ રહીને શરીર અને મનને સ્વસ્થ રાખવાનો મંત્ર મેળવી શકે છે. યોગાસન વિષેનું માર્ગદર્શન ડો. ભવાની સ્વામિનાશન કરશે. આ આયોજનમાં સૌને પધારવાનું સહર્ષ આમંત્રણ છે.


# લૉંગ નોટબુકસનું રાહતના દરે આનંદ કલાસીસમાં થશે વિતરણ

સ્વ. જયશ્રીબેન જીતેન્દ્ર ગણાત્રા (રુદ્રાક્ષ લોજીસ્ટીક્સ પ્રા.લિ, રાયડર મુવર એકઝીમ)ની તૃતીય પુણ્યતિથિ અને સ્વ. કુસુમબેન લાલજી સર કતીરાની દ્વિતીય પુણ્યતિથિની સ્મૃતિમાં રાહતના દરે લૉંગ નોટબુકસનું વિતરણ કરવામાં આવશે. ૧૭૬ પાનાની લૉંગ નોટબુકના ડઝનના રૂ.૨૮૦ અને અડધા ડઝનના રૂા.૧૪૦ રહેશે. જમા રાશિ આનંદ કલાસીસ રાશન વિતરણમાં અપાશે. નોટબુક વિતરણ તા.૩ જૂલાઈના રોજ આનંદ કલાસીસમાં કરવામાં આવશે. સમયની જાણકારી એડવાન્સ બુકીંગ વખતે આપવામાં આવશે. પૂર્ણ રકમ ભરીને એડવાન્સ બુકીંગ આનંદ કલાસીસ, ૧૮, ગાયત્રી બીલ્ડીંગ, એન.એસ. રોડ, પોલીસ સ્ટેશનની સામે, મુલુંડ પશ્ચિમમાં સાંજે ૬ થી ૭ દરમિયાન કરવામાં આવી રહ્યું છે મર્યાદિત સ્ટોક હોવાથી. 'વહેલો તે પહેલો'ના ધોરણે લાભ લઈ શકાશે. સાથે વિદ્યાર્થીના છેલ્લી પરીક્ષા પરિણામની ઝેરોક્ષ લાવવી. સંપર્ક લાલજી સર ૯૮૯૨૦૦૬૬૨૮





# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૧૯ જૂન - ૨૫ જૂન ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** કોઈ મિત્ર કામમાં ઢીલાશ દેખાડે તો ધીરજ ન ગુમાવો. તમારા વિચારો ખુલ્લા દિલે વ્યક્ત કરતી વખતે એટલો ખ્યાલ રાખો કે કોઈ ગેરસમજ ન ઊભી થાય. તમારા વિશે સાચી-ખોટી વાતોની ગસપસ ભલે ચાલતી હોય પણ એમાંથી તમે અણીશુધ્ધ બહાર આવશો એટલું જ નહીં, આવી ખોટી વાતો ફેલાવનારને તમે માફ પણ કરી દેશો એમ દેખાય છે. ઘરમાં નાનકડા ફેરફાર કે ઈન્ટીરિયર પાછળ ખૂબ વ્યસ્ત બની જાઓ એવી શક્યતા છે. વીક-એન્ડમાં પૈસા કમાવાની યોજના સાથે આગળ વધી શકશો અને છૂટા હાથે ખર્ચ પણ કરી શકશો. વાહન ખરીદવાનો વિચાર સારો છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારા માટે એકદમ સોશ્યલ વીક છે.

**વૃષભ (બ,વ,ઉ) :** જીવનમાં કોઈની પણ દખલ તમને પસંદ નહીં પડે. જોકે હાલ એ શક્ય નથી જણાતું. ઘરની જવાબદારીઓને કારણે તમારી સ્વતંત્રતા પર કાપ મુકાઈ રહ્યો છે એમ લાગ્યા કરે. સમય અને શક્તિનો ભારે ભોગ આપવાને પરિણામે વધુ પડતા ગંભીર બની ગયા છો કે પછી જિદ્દી બની ગયા છો એમ જણાય છે. મારૂ જો માનતા હો તો બધી ફિકર છોડી દો. અને શક્ય હોય તો મિત્રો સાથે પણ થોડો સમય વિતાવો. નોકરી કરનારાઓએ શોધી કાઢવુ પડશે કે બઢતીમાં કોણ આડખીલીરૂપ બની રહ્યું છે. આ શોધી કાઢશો ત્યારે તમને પોતાને જ આંચકો લાગશે. **સ્ત્રીવર્ગ માટે :** કોઈપણ મુદ્દા પર ખુલ્લુ મન રાખી વાત કરશો તો ફાયદો મેળવી શકશો.

**મિથુન (ક,છ,ઘ) :** વધુ પડતા કામને કારણે હાલ વિરામ કરી રહ્યા છો. હવે ફરી પાછા હિંમત, આત્મવિશ્વાસ અને જુસ્સા સાથે કામકાજ શરૂ કરી શકશો એમ દેખાય છે. આવનારો સમય અત્યંત મહત્વનો રહેશે અને એ દરમ્યાન અગત્યના નિર્ણયો પણ લેવા પડશે. પરિવારના મેમ્બર્સ કે પ્રિયજન સાથે નમ્રતાથી વાત કરો એવી મારી સલાહ છે. આકરી ટીકા કરવાનો કોઈ અર્થ નથી. તમારી લાગણીઓ તેમને સમજાવવા પ્રયાસ કરો અને જો કોઈ આકરા વેણ ઊચ્ચારે તો ઉશ્કેરાઈ જવાને બદલે વાતને હસી કાઢો. ફ્રીલાન્સ કામ કરતા હશો તો આગામી સમય લાભદાયી ઠરશે. **સ્ત્રીવર્ગ માટે :** તમારે હાલ સ્થિતિસ્થાપક વલણ અપનાવતા શીખવું પડશે.

**કર્ક (ડ,હ) :** નિકટના એક સાથીના વર્તનથી સહેજ અપસેટ થઈ ગયા લાગો છો. શું મેળવવા ઈચ્છો છો એ વિશે અત્યંત સ્પષ્ટ વિચારો ધરાવી રહ્યા છો એ સારી વાત છે. અત્યંત વ્યસ્ત રહેતા હોવાથી તમને સાથીઓના સપોર્ટની જરૂર પડશે દેખાય છે. આ સમય લાગણીશીલતા રહેશે અને ફાઇનેન્સની બાબતો અગ્રસ્થાને રહેશે. અચાનક ભાવનાત્મક ટેન્શન આવી જશે. જરા પણ જિદ્દી બન્યા વિના એનો બહાદુરીથી સામનો કરજો એવી મારી સલાહ છે. ધૂમ્રપાન કે દારૂના વ્યસનની મુક્ત રહો તો સારું. આકસ્મિક વારસો કે શેરબજારમાંથી અથવા અન્ય રોકાણમાંથી મોટો લાભ થઈ શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** મક્કમ પગલા લેવા અને તમારા અધિકારો માટે લડવા તદ્દન યોગ્ય સમય છે.

**સિંહ (મ,ટ) :** કર્મના સંકેતોને સમજવાની તમે અદ્ભૂત શક્તિ ધરાવતા હોવાથી કર્મની કોઈ પણ ગતિમાં સરળતાથી આગળ વધી શકશો. કોઈ ગેરસમજ કે ગોસિપની બાબતમાં તમારા પરથી શંકાના વાદળ દૂર થશે અને સાચો ગુનેગાર પકડાઈ જશે. પણ તમે ઉદાર દિલના હોવાથી એ વ્યક્તિને માફી આપો એવી શક્યતા છે. વિદ્યાર્થીઓને આગામી પરીક્ષાનો ડર લાગતો હોય તો અભ્યાસ પાછળ વધુ સમય આપવાની સલાહ છે. નસીબનું ચક્કર તમારી તરફેણમાં ફરી રહ્યું હોવાથી થોડો સમય સિતારો ચમકતો રહેવાની પૂરેપૂરી સંભાવના છે. ઊછીના પૈસા પાછા ન આપતા લોકો પ્રત્યે વર્તન અને અભિગમ બદલી નાખો. **સ્ત્રીવર્ગ માટે :** નાનો ભાઈ કે બહેન ઉશ્કેરાય તો શાંત રહેવા પ્રયાસ કરજો.

**કન્યા (પ,ઠ,ણ) :** વધુ પડતા પ્રામાણિક રહેશો અને આગળ પડીને કામ કરશો તો મુશ્કેલીમાં મુકાશો. આ સમયે પ્રેક્ટિકલ અભિગમ અપનાવશો તો ઈચ્છિત પરિણામ મેળવી શકશો એમ જણાય છે. કોઈક વ્યક્તિ તમને ફાઈનેન્શિયલ સાહસમાં જોડાવા લલચાવશે. એવા સાહસમાં જોડાતા પહેલા તમામ પાસાંઓનો વિચાર કરી લેજો એવી મારી સલાહ છે. અગાઉ રદ થયેલો વિદેશ પ્રવાસ હવે આકાર લેશે. બે મિત્રોના દાંપત્યજીવનમાં ઊભી થયેલી સમસ્યા ઉકેલવા મધ્યસ્થિ કરવી પડશે. અભિપ્રાય વ્યક્ત કરતી વખતે મુસદ્દી બનજો. નોકરીને કારણે સ્થળાંતરની શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** બોલતી વખતે સભાનતાથી શબ્દોની પસંદગી કરો.

**તુલા (ર,ત) :** તંદુરસ્તી અને સંબંધો શ્રેષ્ઠતાના સ્તરે હશે. પરિણામે જીવનના અન્ય ક્ષેત્રોમાં સમતુલા જળવાશે. સાથે સાથે આર્થિક સલામતી મજબૂત બનતા ભારે રાહત અનુભવશો એમ દેખાય છે. પૈસા ચૂકવવાની બાબતમાં ગ્રાહક આડોડાઈ કરે તો શાંત રહેજો. હાલ પ્રેક્ટિકલ અને ધીરજવાન બનવાની ખાસ સલાહ છે. નોકરીને કારણે સ્થળાંતરની શક્યતા છે. પ્રવાસ કરતી વખતે પૈસાનું ધ્યાન રાખજો. મહિલાઓ માટે સંતાન પ્રાપ્તિનો યોગ છે. વારસા દ્વારા શેરમાં કે અન્ય ઈન્વેસ્ટમેન્ટમાંથી મોટો લાભ મળશે. વિદ્યાર્થીઓ માટે કશુંક આશ્ચર્યજનક બનવાની શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** દિલ અને દિમાગ કેમ જુદી વાત કરે છે એ હવે સમજમાં આવી જશે.

**વૃશ્ચિક (ન,ય) :** બિઝનેસ વિસ્તારવા મનમાં અનેક નવા વિચારો સ્ફુરશે. જોકે એ બધા અમલમાં મૂકી શકાય એવા નહી હોય. હાલનો વેપાર વધુ પડતા ફેરફાર વિના કેમ વિસ્તારવો એ વિચારવાનો સમય છે. માતાપિતાની સંમતિથી લગ્ન કરનારાઓને જલદીથી જવાબ આપવા દબાણ કરવામાં આવશે. તમારા અભિગમમાં કે અન્ય લોકોના વર્તાવમાં અચાનક પરિવર્તન આવતા કર્મની શુભ ગતિનો માર્ગ મોકળો થશે. ઘરમાં વડીલોને સહેજ અસ્વસ્થતા લાગતી હોય તો આગ્રહપૂર્વક ડોક્ટર પાસે લઈ જવાની સલાહ છે. પરિણીતોને ટૂંક સમયમાં સંતાન પ્રાપ્તિના યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** જમા થયેલી ચરબી ઘટાડો અને પચવામાં હળવો હોય એવો ખોરાક લો.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** જે મેળવી શકાય એમ નથી એનો અફસોસ કરવાને બદલે જે છે એનો આનંદ માણવાનો અભિગમ પોઝિટિવ કર્મોનું નિર્માણ કરશે એમ દેખાય છે. હાલ પીઢ બનો અને પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરો એવી મારી સલાહ છે. કામકાજમાં એટલા વ્યસ્ત બની ગયા છો કે તમારું સામાજિક જીવન સ્થગિત થઈ ગયું છે. આસપાસના લોકોને નમ્રતાથી તમારી સ્થિતિ સમજાવશો તો તેમની નારાજગી દૂર થશે. સંપૂર્ણ મેડિકલ ચેક-અપ કરાવવાનો વિચાર ઉત્તમ છે. પ્રણયના સંબંધોને હવે કાયમી સંબંધમાં બદલવા ઈચ્છી રહ્યા હો તો નિષ્ઠાપૂર્વક પ્રયાસો શરૂ કરી દો. **સ્ત્રીવર્ગ માટે :** કોઈના વચનોના ભરોસે બેસી ન રહેશો

**મકર (ખ,જ) :** ઈર્ષાળુઓ અને ભેદી દુશ્મનોથી અસ્વસ્થતા અનુભવો એવી સંભાવના છે. સંબંધોમાં ગૂંચવણો ઊભી થશે અને ઊતાવળે નિર્ણયો લેવા પડશે એમ દેખાય છે. મનમાં ડર હશે છતાં એકાદ નવું ઈન્વેસ્ટમેન્ટ કરી શકશો. કાલ્પનિક ખજાનાની પાછળ દોડવાને બદલે તમારી પાસે જે છે એની કિંમત સમજતા શીખો તો વધારે સારું. રોકડ નાણાં અને કીમતી ચીજો બાબતે સાવધ રહો. વધુ ફાયદા માટે ફક્ત એક કે બે પ્રોજેક્ટ્સ અથવા લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરો એવી મારી સલાહ છે. આલ્કોહોલ લેવાનું સાવ જ ઓછું રાખો અને ધીમે ધીમે છોડવાનો પ્રયાસ કરો. **સ્ત્રીવર્ગ માટે :** નિયમિત પ્રાર્થના કરી કે યોગ દ્વારા નેગેટિવ તરંગો દૂર કરો.

**કુંભ (ગ,સ,શ,ષ) :** લક્ષ્ય પ્રત્યે એકાગ્રતાથી મંડી પડવાથી તમારો સમય વેરણછેરણ નહી થાય. એનાથી તમારું મન પણ શાંત પડશે એમ દેખાય છે. નવી નોકરી કે એ વિશેના સમાચાર નસીબ પલટાવી નાખશે. મહત્વકાંક્ષાઓને આગળ વધારવા માટે હાલનો સમય મહત્વનો જણાય છે. એકાદ પ્રવાસ માટે પ્લાનિંગ કરી રહ્યાં છો, પણ એનો ખર્ચ ધારણા કરતા વધુ આવશે. નેતૃત્વ અને અસરકારક રીતે રજૂઆત કરવાની આવડતની સહાયથી અડચણો પાર કરી શકશો. સામાજિક વર્તુળ વિસ્તરશે અને પરિણામે તમારા માટે અનેક નવા ક્ષેત્રો ખુલ્લા થશે. **સ્ત્રીવર્ગ માટે :** અન્ય લોકોને શું લાગશે એની ચિંતા કર્યા વિના તમારા વિચારો અને અભિપ્રાયો રજૂ કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :** મન ભટકી રહ્યું છે. માનસિક અને ભાવનાત્મક સ્થિરતા જાળવવામાં મુશ્કેલી પડી રહી છે એમ દેખાય છે. વાસ્તવમાં પરિવારની કોઈક સમસ્યા તમને સતાવી રહી છે અને તમે એને ઉકેલવા માટે અધીરા બની ગયા છો. હાલ વણમાગી સલાહ પર ધ્યાન ન આપો. એનાથી તમારી મુંઝવણમાં વધારો જ થશે. મારૂ જો માનતા હો તો તમારો દ્રષ્ટિકોણ બદલી નાખો, આમ કરવાથી લક્ષ્ય તરફ તમે આપોઆપ પહોંચી જશો. વિદેશની કોઈ ઓફર મળવાની શક્યતા છે, પણ વિચારીને સ્વીકારજો. નવું ઘર લેવાનું વિચારી શકો છો. **સ્ત્રીવર્ગ માટે :** તમારા ખરેખરા કે કાલ્પનિક દુશ્મનો કંઈ બગાડી નહી શકે. એટલે એ વિશે વિચાર કરવામાં કીમતી સમય ન બગાડો.

# Tetanus (ધર્નુવા) પાર્ટ-૨



- આ કાતિલ ઝેર ઘાવની આસપાસના ચેતાતંતુમાં (Nerve fibres) દ્વારા કરોડરજ્જુ (spine) તરફ કે મગજમાંના ચેતા કેન્દ્રો (Nerve centres) તરફ ફેલાય છે.
- સામાન્યપણે ૧-૨ અઠવાડિયામાં શરીરમાં (ઘાવ મારફત) પ્રવેશેલા ઝેરની અસર જોવા મળે છે.
- મોઢું ખોલવામાં (difficulty in opening mouth) તકલીફ, દુઃખાવો.
- ચાવવામાં (chewing), ગળવામાં (swallowing) તકલીફ થાય છે.
- ચહેરા, પીઠ (Face, back)ના સ્નાયુઓ (Muscles) ખેંચાય છે, સંકોચાય છે. (contraction, spasm, convulsion) અક્કડાઈ જાય છે (stiffness)
- બહુ જ નજીવા ધીમા અવાજે, પડખું ફેરવતાથી જ ભયંકર, સતત, વારંવાર ખેંચ ઉપડે છે.
- શ્વાસ લેવાના સ્નાયુઓ ખેંચના લીધે થાકી જાય છે દર્દી મૃત્યુ તરફ ધકેલાય છે.
- અરજન્ટ ઈલાજ ICCU અથવા સાધન-સામગ્રીથી સજ્જ સ્પેશીયલ રૂમમાં થાય છે.
- Inj. Human Tetanus Antitoxin, Inj. Tetanus Toxoid, પેનીસીલીન, મેટ્રોનાયડેજોલ (Penicillin, Metronidazole other Antibiotics)થી સારવાર કરાય છે.
- Prevention (ધર્નુવા ન થાય) તેનો માટે
- બાળકને ૨,૪,૬,૧૫, ૪ થી ૬, ૨૫મી વર્ષે Inj. Tetanus Toxoid લેવી.
- માતાને પ્રેગનેન્સીમાં ૪ અને ૬ મહિને રસી લેવી.
- Inj. Tetanus Toxoid ધર્નુવાના જીવાણુંઓના ઝેર નિષ્ક્રીય બનાવે છે. આ Injectionની અસર ૫ વર્ષ પછી ૧૦ વર્ષ સુધી રહે છે.
- રોડ, ખેતર, ગાર્ડન, ખુલ્લા મેદાન, કાદવ, કિચડ, ગંદી જમીનમાં નાના-મોટા, વૃધ્ધો ખાસ પડવા, વાગવાથી રૂઝરડા (Abrasion), કાપ (Cut), ઊંડા ઘાવ (deep wound) ને ઝડપી પાણીથી બરોબર સાફ કરવું. સેવલોન (Savlon), Hydroperoxide, Betadine, Metronitazole Solutions થી બરોબર સાફ કરવું. Inj. T.T/Antibiotic લેવી.
- છેલ્લે નાના-મોટા-વૃધ્ધો ઘરની બહાર જાય ત્યારે બંધ બેસતા મોજા, બુટ, ચપ્પલ પહેરીને ચાલવું, દોડવું, રમવું.

- ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316



# શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન જ્ઞાતિ-મુંબઈ દ્વારા ચિ.ધ્રુવીનનું બહુમાન કરાયું





તા.૧૭ જૂન સોમવારના સવારના રોજ શ્રી મુંબઈ ઘોઘારી સમાજના ટ્રસ્ટી ઈઅ બી.એમ. દોશીના પૌત્ર, ડો. હેમંત ડો. કાજલ દોશીના સુપુત્ર ચિ. ધૃવીનનું તેમના નિવાસ સ્થાને જઈ બહુમાન કરવામાં આવ્યું હતું. હાલમાં થયેલી JEE Advancedમાં ચિ.ધ્રુવીનને ૩૬૦ માંથી ૩૨૯ માર્કસ આવ્યા હતા. ધ્રુવને All India 9th Rank તેમજ મહારાષ્ટ્રમાં 1st Rank લાવીને તેમના પરિવારનું તથા ઘોઘારી સમાજનું નામ રોશન કર્યું છે. ધ્રુવીનની સાથે સાથે તેમના પિતા ડો. હેમંત દોશી તથા શ્રી બી.એમ.દોશીનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુંબઈ ઘોઘારી જ્ઞાતિ વતી ચીમનભાઈ દોશી, રાજેશભાઈ શેઠ, જીતુભાઈ મહેતા, મહીપતભાઈ, સુરેશભાઈ શાહ, અતુલભાઈ R.K., મુકેશભાઈ ઝવેરી, દિલીપભાઈ કટકવાળા, ભદ્રેશભાઈ દોશી તથા દીપકભાઈ ગાંધી ઈત્યાદિ પદાધિકારીઓ હાજર હતા. પધારેલ દરેકની આભારવિધિ શ્રી બી.એમ. દોશીએ કરેલ હતી. તેમજ ધ્રુવને કઈરીતે મહેનત કરી સફળતા મેળવી તે જણાવ્યું હતું. આ શુભ પ્રસંગે બી.એમ. દોશી પરિવાર તરફથી શ્રી ઘોઘારી વિશાશ્રીમાળી જૈન જ્ઞાતિને રૂા. ૧,૦૦,૦૦૦/- નો ચેક અર્પણ કરેલ હતો.




Mulund (East)

**Discounted Health Checkup**

**BLOOD TEST PACKAGE** AT Rs.1990/- only

Mulund (East)

INDIVIDUAL DISCOUNTED RATE

| Test | Rate | Discount Rate | Test | Rate | Discount Rate |
|---|---|---|---|---|---|
| CBC | ~~Rs.300~~ | Rs.170 | VIT. D3 | ~~Rs.1650~~ | Rs.790 |
| T3, T4, TSH | ~~Rs.550~~ | Rs.390 | HbA1c | ~~Rs.590~~ | Rs.390 |
| VIT. B12 | ~~Rs.1150~~ | Rs.690 | BL.SUGAR | ~~Rs.70~~ | Rs.50 |

TEST

- CBC
- T3, T4, TSH
- VIT. B12
- VIT. D3
- HbA1c
- LIPID PROFILE
- Fasting Bl. Sugar
- S. Creatinine
- S.G.P.T.

NEAR RLY. STATION @Dr.JAYANT MANDOT Pathology Lab

SINCE 1963

Address: 102, Jai Laxminarayan Bldg., Opp.Prashant Hotel, L.T.Road, Mulund (East)

Note : Special Discount on other Blood Test Also

Home Visit Available in Mulund

022-2163 7380, 022-2163 4353, 87792 00271

# તૃતીય વાર્ષિક પૂણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

જન્મ
તા.૧૬-૪-૧૯૪૦



સ્વર્ગવાસ
તા.૧૮-૬-૨૦૨૧

## સ્વ.અ.સૌ.હસુમતી રજનીકાન્ત ઠક્કર

**કુદરતનો કારમો પ્રહાર કે મનગમતી વ્યક્તિને હવે ફોટામાં જોવી પડે છે**

(મૂળ ગામ : કચ્છ-કોઠારા, હાલે : થાણા)

પ્રભુ પરમાત્મામાં અખૂટ શ્રધ્ધા, કુટુંબ વાત્સલ્ય, પરિવાર પ્રત્યે પ્રેમ રાખી ધર્મમય વારસાનું સિંચન કર્યું, પરિવારને પ્રેમને તાંતણે બાંધ્યા, સર્વે પ્રત્યે પ્રેમ, દયા, કરૂણા તથા બીજા કાજે કાંઈક કરી છૂટવાની આપની ઉદાત્ત ભાવના અમને હરહંમેશ પ્રેરણા આપ્યા કરશે. વડીલો તથા આપના આશીર્વાદથી પરિવાર સમૃદ્ધ થયો એ તેજસ્વી પુણ્યાત્માને પ્રભુ પરમ શાંતિ આપે એવી પ્રાર્થના.

**-:: શ્રધ્ધાસુમન અર્પણ કરનાર ::-**

સાસુ : સ્વ.અ.સૌ.મમીબાઈ મોરારજી ઠક્કર ● સસરા : સ્વ. માવિત્ર મોરારજી ભાણજી ઠક્કર
માતા : સ્વ. મણીબાઈ કરમસી ઠક્કર ● પિતા : સ્વ.કરમશી દયાળજી ઠક્કર

**જીવન સફરના સાથી : રજનીકાન્ત મોરારજી ઠક્કર (S.E.O.)**

| | | | |
|---|---|---|---|
| પુત્ર | : દેવેશકુમાર રજનીકાન્ત ઠક્કર | પુત્રી-જમાઈ | : અ.સૌ.પ્રતિમા સંજય ધુલ્લા |
| પુત્ર | : અભયકુમાર રજનીકાન્ત ઠક્કર | પૌત્ર | : ચિ.ધૈર્ય દેવેશ ઠક્કર |
| પુત્રવધૂ | : અ.સૌ.ભાવના દેવેશકુમાર ઠક્કર | પૌત્ર | : ચિ.પ્રણય અભયકુમાર ઠક્કર |
| પુત્રવધૂ | : અ.સૌ.પૂર્વી અભયકુમાર ઠક્કર | દોહિત્રી | : ચિ.સંજના સંજયકુમાર ધુલ્લા |

**સૌજન્ય : મેસર્સ આર.એમ ડિસ્ટ્રીબ્યુટર્સ ● મેસર્સ આર.એમ.એન્ટરપ્રાઈઝ ● શ્રી હસુમતી રજનીકાન્ત ઠક્કર ફાઉન્ડેશન**

ઓફિસ : દુકાન નં.6/7/8, ગોલ્ડન પાર્ક સોસાયટી, વાગલે એસ્ટેટ, રોડ નં.3, થાણા (વે) - 400 604.

(મો). રજનીકાન્ત : 9321827969, 9819717969 ● દેવેશકુમાર : 9867334170 ● અભયકુમાર : 9892080826

# શ્રી મુલુંડ ગુજરાતી સમાજના પ્રમુખ લાયન એસ. કે. પટેલના હસ્તે "અહિંસા પ્રદર્શનની"નું ઉદ્‌ઘાટન થયું



શ્રી આદિનાથ જૈન દેરાસર સ્વપ્ન નગરી દ્વારા શાકાહારથી થતાં સ્વાસ્થ્ય લાભ અને માંસાહારથી થતા નુકસાનની એક પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સરળ ભાષામાં પોસ્ટરો અને ડોક્યુમેન્ટરીની મદદથી આ વિષયની સચોટ માહિતી આપવામાં આવી હતી.

ડોક્યુમેન્ટરીમાં ભારત અને વિદેશ ના વિવિધ સેલિબ્રિટીઝ ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગ, એક્ટર અક્ષયકુમાર અને ફૂટબોલ, ટેનિસ ઈત્યાદિના ખેલાડી માર્ટિના નેવરાટીલોવા, જો નામથ, રિકી વિલિયમ્સના અનુભવો એમના મુખે સાંભળવા મળે છે જેનાથી પ્રેક્ષકોને પ્રેરણા મળે છે. ખેલાડીઓની શારીરિક ક્ષમતાના વૈજ્ઞાનિક વિશ્લેષણ અને એમના ઈન્ટરવ્યૂ દ્વારા પુરવાર કરવામાં આવ્યું છે કે શાકાહારી ભોજનથી પણ શરીરને સંપૂર્ણ પણે પ્રોટીન અને વિટામીન ડી મળી રહે છે અને આ માન્યતા ખોટી છે કે માંસાહારથી જ શરીરને આ તત્વો મળે છે. શ્રી આદિનાથ જૈન દેરાસરનો મુલુંડગરાઓ માટે આ એક નવતર પ્રયોગ છે.

મુનિરાજ શ્રી કૃપારત્નજી મહારાજ, શ્રી ભાવ પ્રેમ વિજયજી મહારાજ અને શ્રી ભવ્ય પ્રેમ વિજયજી મહારાજના આશિર્વાદ સાથે કાર્યક્રમની શરૂઆત થઈ.


દેરાસરના કમિટી મેમ્બરઓ કલ્પેશ વોરા, કેતન જે. દોશી અને કેતન દોશીએ શ્રાવકોનું સ્વાગત કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ કર્યા.

દીપ પ્રજ્વલનમાં શ્રી જય ગોપાલ શુક્લા અને જૈન સમાજના ગણમાન્ય વ્યક્તિઓ ઉપસ્થિત હતા.





## ગ્રામોફોન ક્લબ દ્વારા આર.ડી. બર્મનના સિલેકશન ગીતોનો સૂરી લો પ્રોગ્રામ




તા.૨૨ જૂન શનિવાર રાત્રે ૮.૧૫ કલાકે કાલિદાસ નાટય મંદિરમાં ઓર્ગેનાઈઝર મનીષ પ્રજાપતિ દ્વારા અને ગ્રામોફોન ક્લબ પ્રસ્તુત ગીત સંગીતની રંગારંગ મહેફિલ આર.ડી. બર્મન ધી અલટીમેટ સિલેકશન ઓફ ૮૦ના શીર્ષક અંતર્ગત વર્સટાઈલ બોલીવુડ મ્યુઝિશીયન અને સિંગર આર.ડી. બર્મનના ધમાકેદાર ગીતોની પ્રસ્તુતિ સિંગર આલોક કાટદરે, સંપદા ગોસ્વામી, સર્વેશ મિશ્રા અને પ્રાજકતા કરશે. એરેન્જર મોહિત શાસ્ત્રી અને એન્કરીંગ ભીમ સિંગ કરશે. ટિકીટ કાર્યક્રમ સ્થળે મળશે. ટિકિટ બુકિંગ માટે સંપર્ક મનીષ પ્રજાપતિ મો. નં. ૯૮૨૦૫૯૯૪૨૫.

શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઇ (દરિયાસ્થાન)
આયોજીત
સમાજ ઉપયોગી મુદ્દાઓ ઉપર એક વિશેષ આયોજન



વક્તા :
પૂજ્ય ડો. જ્ઞાનવત્સલ સ્વામી
(લાઇફ કોચ અને પ્રેરક વક્તા)
BAPS સ્વામિનારાયણ સંસ્થા.

યુવાઓ તથા પરિવાર ના મહત્વના વિષયો જેવા કે...
"સંસ્કાર અને સંસ્કૃતિ" "શિક્ષણ અને કરિયર" "પરિવાર નું મહત્વ"
"દેશ અને સમાજ પ્રત્યેની ફરજ"
જેવા મુદાઓ ઉપર પ્રકાશ પાડતુ પ્રેરણાદાયી માર્ગદર્શન
ઉપરાંત મહાજનશ્રી દ્વારા સેવાકીય પ્રવૃતીઓ વિશે જાહેરાત

શુક્રવાર તા. ૨૧/૬/૨૦૨૪
સમય સાંજે ૮.૦૦ કલાકે

મહાકવિ કાલીદાસ સભાગૃહ,
પી. કે. રોડ, મુલુંડ - વેસ્ટ

જીવંત પ્રસારણ

YouTube
Channel : SCLMM

HOME CABLE
Channel : 985

જ્ઞાતિજનો અને શુભેચ્છકોની
લાગણી, ઉત્સાહ અને સમર્થન બદલ સૌનો ખુબ આભાર

શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઇ વતી
નિતીન ગોદાવરીબેન ગંગારામ ઠક્કર (પાંધી)
પ્રમુખ - સેવક

# જૈન સોશિયલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશનના દ્વારા સન્માનીત ૨૨ જણમાં જેએસજી મુલુંડના ૪ પ્રતિભાશાળીઓ

જેએસજીઆઈએફ ઉડાન દ્વારા બહુમાનનો એક સમારોહ રવિવાર, તા.૧૬ જૂન ૨૦૨૪ના રોજ પૂણે ખાતે યોજાયો. આ કાર્યક્રમમાં ૨૨ વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમણે અલગઅલગ કાર્યક્ષેત્રોમાં નિપુણતા દર્શાવી અને આંતરરાષ્ટ્રીય સ્તરે સન્માન મેળવ્યું હતું.

યશ કલગીમાં છવાયા જેએસજી મુલુંડના ૪ તારલાઓ: આ કાર્યક્રમમાં બોમ્બે રિજનના છ તારલાઓ હીયા જીતેન શાહ, હૃદય શાહ (મુલુંડ), સુ કેવલ કક્કા (મુલુંડ), લજીતા ખોના (મુલુંડ), મંજુબેન લોઢા અને સરયુ માલદે (મુલુંડ-થાણે)નું બહુમાન કરવામાં આવ્યું હતું. ફેડરેશનના પ્રમુખ અમિશભાઈ દોશી, બોમ્બેના ચેરમેન શ્રી કિશોરભાઈ દોશી, પૂર્વ પ્રમુખ દિલીપભાઈ શાહ, પંકજભાઈ સંઘવી અને બોમ્બે રિજનના ઝોન કોર્ડિનેટર અને મુલુંડ ગ્રુપના સેક્રેટરી ડિમ્પલબેન કોરડિયા, મુલુન્ડ જૈન સોશિયલ ગ્રુપના પ્રમુખ જયંતીભાઈ મૈશરી, સેક્રેટરી દિલીપભાઈ શેઠ આ પ્રસંગે હાજર હતા.







ભારતના સાત રિજનમાંથી ૨૨ રત્નોને પસંદ કરવામાં આવ્યા હતા. જેમનું વિશેષ બહુમાન કરીને તેમને નવાજવામાં આવ્યા હતા. આ સમારંભે જૈન સમાજની અનોખી સિદ્ધિઓને ઉજાગર કરી નવી ઊંચાઈઓ સર કરવાના હેતુ સાથે તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.
















# સાતમી પુણ્યતિથિ નિમિત્તે
# સ્મૃતિ શ્રદ્ધાંજલિ



જન્મ
૧૪-૬-૧૯૫૫

અરિહંત શરણ
૧૭-૬-૨૦૧૭


## સ્વ.ચંદ્રસેન હિરાચંદ મોમાયા (CM)

ગામ : વરાડીયા

જીંદગી સાચા અર્થમાં જીવીને પ્રેમ દીપ પ્રગટાવ્યાં
કર્મ, કરૂણા અને વ્હાલપના વાદળ હેત સભર વરસાવ્યાં
સદાય સ્મૃતિમાં રહેશે આપના સંસ્કારોના સંભારણા
અવિરત રહેશે આપના અમર આદર્શોના અમી ઝરણાં

## મિત્રો, સ્નેહીજનો તેમજ સ્વજનો
## અને ગુર્જરમાત પરિવાર

# મારા ડાયરીના થોડા પાનાં : રિટાયર્ડ મેજર જનરલ સુધીર વોમ્બતકરે સાથે




મેજર જનરલ S.G.Vombater IIT (મદ્રાસ)માંથી સિવિલ સ્ટ્રક્ચરલને મિક્સમાં Ph.D. ધરાવે છે. તેમનું રસનું ક્ષેત્ર વિકાસ અને વ્યુહાત્મક બાબતોનું છે. ફેબ્રુઆરી મહિનામાં સાત દિવસનો મ્હેસુર પ્રોગ્રામ હતો. બેંગલોરથી ત્રણ કલાક ટેકસીમાં મ્હેસુર પહોંતા લાગે છે. મ્હેસુરમાં મારા મિત્ર રિટાર્યડ મેજર જનરલ સુધીર વોમ્બતકરે મળવાના તેમના ઘરે ગયા. જ્યારે સુધીર વોમ્બતકરે લડાખમાં ફરજ હતાં ત્યારે કેન્દ્રમાં બાજપાઈ સરકાર હતી. વડાપ્રધાન બાજપાઈ મેજર જનરલ સુધીર વોમ્બતકરે અને તે વખતે ભૂમિ નિષ્ણાત બંગાળના મેજર જનરલ સુરેન્દ્રનાથ મુકરજીને દેશની નદીઓ જોડાણનો અભ્યાસ કરી આ પ્રોજેક્ટ દેશ માટે ફાયદાકારક છે. તે અમને જણાવો.

સુધીર વોમ્બતકરે લશ્કરમાંથી રીટાયર્ડ થઈને તે વખતે દેશના વિકાસ પ્રોજેક્ટનો અભ્યાસ કરતા હતાં. મારી મુલાકાત N.P.M. (નેશનલ ઓફ Pelople momentમાં થઈ હતી) ત્યારે પછી વારંવાર જગન્નાથપુરી, બેંગલોર અને દેશના એક્ટિવ બેઠકમાં થઈ હતી. જ્યારે તેમની નોર્થ ઈંડિયામાં હતી. અમારી વાતચીત દેશના રાજકારણ વિશે વાતચીત ચાલી હતી. અચાનક મેં નોર્થ ઈસ્ટના મણિપુર રાજ્યનું રાજકારણ વાત કઢાવી. એમને મારી સમક્ષ મણીપુર રાજ્યનો પુરો ઈતિહાસ, ભૂગોળ રજૂ કરયો. જેમને ઈતિહાસમાં રસ છે. તેના આ લેખમાંથી સુંદર માહિતી મળશે.

મૈથીલ meitel લોકો તેમના ભૂતકાળનો ખજાનો ધરાવે છે. અને 'કાંગલીપાક' તેમની પ્રાચીન સંસ્કૃતિ માટે તેમનું નામ છે. 'મણિપુર નિગથોજા વંશના ઇતિહાસ સંદર્ભ ૩૩ સઈથી શરૂ થતા ૭૬ રાજાઓના શાસની નોંધ કરે છે. નિગથોજા લોકો તિબેટીયન-બર્મીજ મૂળના કેટલાક આદિવાસી કુળોમાંના એક હતા. જે પૂર્વમાંથી વર્તમાન મણિપુર પ્રદેશમાં સ્થળાતરિત થયાં હતા.'

પ્રભાવશાળી નિગથોજા (મેઈતેઈ) કુળના શાસકોએ અન્ય કુળનો આત્મસાત કર્યા અને કંગલી પાક કુળની સંઘ રચના કરી અનુગામી meited રાજાઓએ ઈમ્ફાલ ખીણમાં તેમની રાજધાની સાથે કાંગલી પાક શાસન ઈમ્ફાલને શિક્ષણ અને બૌધ્ધિક પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવ્યું.



રિટાયર્ડ મેજર જનરલ સાથે દામજીભાઈ

રાજાનાઓ ફાંગબાએ પરવ સીઈમાં પ્રાચીન મેઈતેઈ (૧૦૭૪-૧૧૧૨) એ ૧૧૧૬ સીઈમાં તેને ઔપચારિક બનાવ્યું હતું. meitei લોકો પાસે નવ સદીઓ પહેલા Loymbashinyen નામનું લેખીત બંધારણ હતું.

રાજા જગેમ્બાએ ૧૫૦૭થી ૧૬૬૨ સુધી કાંગલી પાઠ પર શાસન કર્યું. તેમના ભાઈ શાલુંગબા ખગેમ્બાના શાસનથી નાખુશ. રાજા બનવા માંગતા હતાં તે બંગાળ ભાગી ગયા. જ્યાં તેણે બંગાળી મુસ્લિમ નેતાઓ સાથે જોડાણ કર્યું અને બંગાળી મુસ્લિમ સૈનિકોની ટુકડી સાથે કાંગલી પાક પર કૂચ કરી. રાજા ખાગેમ્બાની સેનાએ શાલિગલાની ટુકડી હરાવી સૈનિકો પકડી લીધા અને તે મજૂરો તરીકે કામ કરાવ્યા. આ સૈનિકો સ્થાનિક મૈઈતી મહિલાએ સાથે લગ્ન કર્યા અને મેઈતેઈ ભાષા અપનાવી. તેમના સંતાનો આજના મણિપુર નાના મુસ્લિમ સમુદાય નિર્માણ કરે છે. જેને મેઈતેઈ પંગ્સ તરીકે ઓળખવામાં આવે છે. ૧૭૧૪માં બંગાળી હિંદુ શાંતિદાસ ગોસાઈ દ્વારા રાજા પમહીબાને ગૌડિયા વૈશ્નમ ધર્મમાં દીક્ષા આવપવામાં આવી હતી. પમહીબા એક બળવાન શાસક હતાં.

તેમણે ગૌડિયા વૈશ્ણવ આસ્થાને તેમના સામ્રાજ્યના ધર્મ બતાવ્યો હતો. અને એવું કહેવાય કે તેમણે મેઈતેઈ લિપિને બદલે બંગાલી લિપિ રજૂ કરી હતી. પછી ૧૭૨૪માં કાંગલી પાક સામ્રાજ્યએ 'મણિપુર'નું સંસ્કૃત નામ અપનાવ્યું. કોપોરેટ હિતો બ્રિટશ શાસન અને ખ્રિસ્તી ધર્મ રાજા ભાગ્યચંદ્ર (૧૭૧૪-૧૭૯૯)ના શાસન દરિમ્યાન બર્મા રાજ્યએ મણિપુર પર હુમલો કર્યા અને કબજો કર્યા. શાસકને માત્રના મણિપુરના તત્કાલીન શાસક રાજા ગંભીર સિંહ બર્મીઝ હાંકી કાઢવા માટે મદદ માટે બ્રિટન ઈસ્ટ કંપની સાથે જોડાણ કર્યું. અંગ્રેજો એ સિપાઈ સૈનિકો અને તોપખાના મોકલ્યા અને બર્મીઓને ૧૮૨૮માં મણિપુરમાં હાંકી કાઢવામાં આવ્યા. આમ, મણિપુર સ્ટેટ ઈસ્ટ ઈન્ડીયા કંપની નામ અને શિર્ષક નિયંત્રણ હેઠળ આવ્યું.

ભારત ૧૮૫૭નું સ્વતંત્રતા યુધ્ધ બ્રિટશરો માટે સિપાઈ વિદ્રોહ પરિણામે બ્રિટશ ક્રાઉન ઈસ્ટ ઈન્ડીયા કંપની પ્રાદેશિક સંપત્તિઓ પર રાજકીય નિયંત્રણ લઈ લે છે. મણિપુર કોર્ટના આંતરીક ષડતંત્ર બાદ સિંહાસનના દાવેદારોમાંના એકે મદદ માટે અંગ્રેજોનો સંપર્ક કર્યો. અંગ્રેજો એ એપ્રિલ ૧૮૯૧માં મણીપુર પર કબજો કરવા માટે આનો લાભ લીધો. તેને તેના શાસક હેઠળ આંતરિક રીતે સ્વશાસિત 'રજવાડા બનાવ્યું.' ૧૮૯૪માં ખ્રિસ્તી મિશનરીઓનો મણિપુરમાં પ્રવેશની મંજૂરી આપવામાં આવી હતી. તેઓ meitei ભાષા શીખી. meitei સ્ક્રિપ્ટોનો અભ્યાસ અને અનુવાદ કર્યા. શાળા શરૂ કરી અને બાઈબલનો meitei ભાષામાં અનુવાદ કર્યો. શાળા શરૂ કરી અને બાઈબલનો meitei ભાષા અનુવાદ કર્યા. મણિપુર, રજવાડાના પહાડી વિસ્તારોનો મોટા ભાગના લોકો ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તિ થયાં હતાં.

બીજા વિશ્વ યુધ્ધ દરમિયાન જાપાની સેના ઈમ્ફાલ અને હાલ નાગલેન્ડમાં (કોહીમા) સુધી આગળ વધી માર્ચની જુલાઈ ૧૯૪૪ દરમિયાન ઈમ્ફાલએ ભારતીય અને જાપાની સૈનિક વચ્ચેના નિર્ણાયક યુધ્ધ દશ્ય હતું. જેના પરિણામે જાપાની દળોની હાર અને પીછેહઠ થઈ હતી. અંગ્રેજો એ મણિપુર પર શાસન ચાલુ રાખ્યું. ૧૧ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ બ્રિટશ શાસનો અંત નિશ્ચય હોવાથી મહારાજ બુધ્ધિચંદ્રે વિલયની સંધિ પર હસ્તાક્ષર કર્યા અને મણિપુર સ્વતંત્ર ભારતમાં જોડાયું. ૨૧ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ, તેમણે વિલીનીકરણ કરાર પર હસ્તાક્ષર કર્યા.

મણિપુરને ભારતના સંઘમાં ભેળવી દીધું જો કે મણિપુર લોકોના જૂથો તેમના ભવિષ્ય માટે અલગ અલગ દૃષ્ટિકોણ ધરાવતા હતાં. તેમને વિલિનકરણ પર વિવાદ કર્યા. દલીલ કરી કે તે દબાણ હેઠળ અને સર્વ સંમતિ વિના કરવામાં આવ્યું હતું. પાછળથી વિવાદ ભારતની સ્વતંત્રતાની માંગમાં વિકસ્યો અને મણિપુરમાં બળવો થયો. મણિપુર અંદર જૂથો વચ્ચે હિંસાના એપીસોડ હતાં. જેઓ વિરોધભાસ હિતો ધરાવતાં હતાં.

બાકી ભાગ આવતા અંકે



# મોક્ષ !!!!



**સંગિની સૌરભ**
**સંકલન - હિના પારેખ**
**મો.૯૯૬૭૪૫૯૫૧૫**



- બીના કીર્તિ શાહ

મોક્ષમાં જ્ઞાનનાં તમામ ક્ષેત્રોનું સર્વાંગી જ્ઞાન થઇ જાય છે. શરીરમાંથી આત્માને બાદ કરી દો તો શરીર એકલું કોઇ જ સંવેદન પામી શકતું નથી. આત્માને શરીરથી અલગ કરી દો તો આત્મા સંપૂર્ણ સંવેદન પામી શકે છે. શરીર દ્વારા આત્મા સંવેદન પામે છે તે દૂધમાં નાખેલું પાણી છે. શરીર વિના આત્મા સંવેદન પામે તે પાણી વિનાનું દૂધ છે. મોક્ષમાં આત્મા શરીર વિનાનું સુખ આપે છે. તમે સ્નાન કરો છો ત્યારે તમને મજા આવે છે. સ્નાન કરતી વખતે તમે મીઠાઇ નથી ખાતા, સંગીત નથી સાંભળતા, ચા નથી પીતા અને બીજાં ઘણાં બધાં કામો નથી કરતાં તેમ છતાં તમને મજા તો આવે જ છે. તેમ મોક્ષમાં તમે શરીર સંબંધી કોઇ પ્રવૃત્તિ નથી કરતાં છતાં તમને મજા તો આવે જ છે.

તમે ઊંઘી જાઓ છો ત્યારે શરીરસંબંધી બધી જ પ્રવૃત્તિઓ અટકાવી દો છો છતાં ઊંઘવાની મજા આવે છે કેમ કે તમે બધું છોડી ચૂક્યા છો. મોક્ષમાં બધું છૂટી ગયું છે તેની મજા હોય છે. મોક્ષમાં આત્માની સંપૂર્ણ ચેતના સક્રિય બની જાય છે અને સ્વતંત્ર બની જાય છે. શરીરમાં રહેલો આત્મા, કર્મના અંકુશમાં હોય છે તેથી આત્માની પોતાની શક્તિ દબાઇ જાય છે. શરીર અને કર્મથી અલગ થયેલો આત્મા અનંત સ્વતંત્રતા પામે છે. મોક્ષમાં જ્ઞાન દશા હોય છે. તમે આજે જિજ્ઞાસાભાવે નવું નવું શીખવા અને જાણવા ઉત્સુક રહો છો.

જ્ઞાન વધતું જાય તેમ આત્મવિશ્વાસ વધતો જાય છે. મોક્ષમાં જ્ઞાનનાં તમામ ક્ષેત્રોનું સર્વાંગી જ્ઞાન થઇ જાય છે. તમે આજે છ ભાષા જાણી લો છો તો પણ તે સિવાયની દોઢસો ભાષા જાણવાની બાકી રહી જાય છે. મોક્ષમાં જાણવાનું બાકી રહે- તેવું બનતું જ નથી. દરેક ભાષાના દરેક વિષયોની દરેક વિભાગ સાથેની જાણકારી મોક્ષમાં હોય છે. જેવું જ્ઞાનનું તેવું જ અનુભવનું. તમે સતત નવા નવા અનુભવોની ખોજમાં રહો છો. સારા અને સરસ અનુભવનું ભાથું વધતું જાય તેમ જિંદગીની તૃપ્તિ પણ વધતી જાય છે.મરણની ઘડી સુધી નવા નવા અનુભવો લેતા રહો તો પણ દુનિયાના બધા અનુભવ તમને નહીં મળે. થોડું મળ્યું હશે તો ઘણું બાકી હશે. મોક્ષમાં અનુભવની તમામ સીમારેખાઓ પાર થઇ જાય છે. ક્રિકેટમાં બાઉન્ડરી પાર કરવાથી ચાર કે છ રન મળે છે. મોક્ષમાં બાઉન્ડરી પાર કરો તો સીધા એકસો રન મળે છે. શરીરના સ્તરે તમે સતત કોઇ ચીજનો પીછો કર્યા કરો છો. મોક્ષમાં કોઇ પીછો કરવાનો રહેતો નથી કેમ કે દુનિયા આખી પાછળ રહી જાય છે. તમે સંબંધોના સ્તરે સતત પ્રતિભાવ અને પ્રતિક્રિયાની રમત રમ્યા કરો છો. સમજ અધૂરી હોય છે તેથી નબળા પ્રતિભાવ અને નબળી પ્રતિક્રિયા આવ્યા જ કરે છે.

મોક્ષ પ્રતિભાવ અને પ્રતિક્રિયા વિનાની અસ્તિમતા છે. વ્યક્તિત્વ ખતમ થઇ જાય અને અસ્તિત્વ શેષ રહે તેને મોક્ષ કહે છે. મોક્ષમાં પહોંચીને તમે શું કરી શકો છો તે સમજવા માટે તમે આઠ કર્મોનો અભ્યાસ કરજો. આઠ કર્મએ, આઠ કર્મના એકસો અઠાવન સૈનિકોએ આત્માની આઠ મહાન શક્તિને દબાવી રાખી છે. આ આઠ કર્મ અત્યારે આત્મા પર બેઠાં છે તેને લીધે મોક્ષનું સુખ કેવું હશે તેનું કલ્પનાચિત્ર આત્મા બનાવી નથી શકતો. ધર્મ દ્વારા માનસિક પુરુષાર્થ કરીને તમે આ દિશાના વિચારો શરૂ કરો. મોક્ષ છે, તેવી શ્રદ્ધા બનાવો. મોક્ષમાં શું છે તેની કલ્પના આપોઆપ આવતી જશે

જ્યાં રાગ નથી, જ્યાં રોષ કે દ્વેષ નથી. આથી જ તો જગતનો એકપણ દોષ નથી.

જ્યાં કાયા નથી આથી જ એની કોઈ માયા કે મમતા નથી.

જ્યાં પાપની છાયા નથી તો દુઃખના પડછાયા નથી.

જ્યાં કર્મની ગુલામી નથી એથી જ કોઈને સલામી કરવાની જરૂર નથી.

જ્યાં જન્મ જ નથી આથી ત્યાં મરણ પણ નથી.

જ્યાં શરીર નથી આથી ખાવા-પીવાની કોઈ વાત જ નથી.તો મળમૂત્રની કોઈ પંચાત નથી, ત્યાં સંસારના કોઈ ભોગ નથી આથી ત્યાં કોઈ જાતના રોગ નથી.

ત્યાં શોક નથી, થાક નથી, નથી ઉચાટ કે નથી ઉકળાટ, નથી તાપ કે નથી સંતાપ, નાત નથી, જાત નથી તો લગ્નની કોઈ પંચાત નથી.


જ્યાં નથી ઈચ્છા કે નથી રાગ આથી નથી ત્યાં આશાની આગ હા માત્ર છે ત્યાં ગુણોનો મઘમઘતો બગીચો.જ્યાં નથી આધિ, વ્યાધિ કે ઉપાધિ આથી જ નથી ત્યાં આંધી કે નથી અંધાધૂંધી.

તો આ મોક્ષ શું છે ? ત્યાં છે માત્ર આત્મ-સુખમાં સદાકાળ માટેની સમાધિ, અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંતચારિત્રમાં રમણતા.

સંસારમાં સર્વ ખરાબ છે આથી જ તે ઝેર જેવો લાગે છે. અસાર લાગે છે. મોક્ષમાં કંઈ જ ખરાબ નથી માટે જ તે અમૃત જેવો મીઠાશ ભર્યો છે.

# ટી વૉર્ડ દ્વારા મુલુંડમાં સાત જોખમી ઈમારતોને તોડી પડાશે

મુલુંડમાં સાત ઈમારતોને ટી વિભાગ દ્વારા જોખમી તરીકે સૂચિબદ્ધ કરવામાં આવી છે. દર વર્ષે ચોમાસા પહેલાં મહાનગરપાલિકા દ્વારા જોખમી ઈમારતોની યાદી જાહેર કરવામાં આવે છે. તે મુજબ મુલુંડમાં ૧૨ ઈમારતોને રહેઠાણ માટે અસુરક્ષિત જાહેર કરવામાં આવી છે. અન્ય બે જોખમી બિલ્ડીંગના કેસ કોર્ટમાં પેન્ડિંગ છે.



પ્રતિકાત્મક તસ્વીર

મુલુંડમાં વલ્લભ ભુવન, બાલ સ્મૃતિ બિલ્ડિંગ, પુષ્પા નિવાસ, ગિરિરાજ બ્રિજવાસી ભુવન બી બિલ્ડિંગ, સુશીલા સદન, પ્રાગજી સુંદરજી (મોચી) બિલ્ડિંગ અને રામાણી ભુવન આ સાત ઈમારતોને તોડી પાડવામાં આવશે. આ ઉપરાંત મહાદેવ નિવાસ બિલ્ડિંગને તોડી પાડવાની કામગીરી ચાલી રહી છે. રસપ્રદ વાત એ છે કે મુલુંડમાં એક્વીરા સદનના માલિક પોતે બિલ્ડિંગને તોડી પાડવા જઈ રહ્યા છે, એમ મહાનગરપાલિકાના ટી વિભાગે જણાવ્યું હતું. લક્ષ્મી છાયા અને મહામાયા નામની બે ઈમારતોનો કેસ કોર્ટમાં પેન્ડિંગ છે. આ ઉપરાંત બ્રહ્મજ્યોતિ અને નવીન મંજુ સોસાયટી નામની બે ઈમારતો ટૂંક સમયમાં ખાલી કરાવવામાં આવશે, એમ મહાનગરપાલિકાના ટી વિભાગ દ્વારા માહિતી આપવામાં આવે છે.

દર વર્ષે વરસાદની સિઝનમાં ઈમારત ધરાશાયી થવાની ઘટનાઓ બને છે. આમાં જાનમાલનું ઘણું નુકસાન થાય છે. મુંબઈ શહેર અને ઉપનગરોમાં આવી સેંકડો ઈમારતો છે જેમાં રહેવાસીઓ છેલ્લા અનેક દાયકાઓથી રહે છે. બિલ્ડિંગ તોડી પાડ્યા બાદ તેમને મુશ્કેલ સમયમાંથી પસાર થવું પડે છે. તેમને ઘણા બધા રહેવાસીઓનું એકસાથે પુનર્વસન, બાળકોની શાળાઓનો પ્રશ્ન, નાણાકીય કટોકટી જેવી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. નાગરિકોની માંગ છે કે મહાનગરપાલિકાએ જોખમી બિલ્ડિંગ જે વિસ્તારમાં તોડી પાડી હોય તે જ વિસ્તારમાં તેના રહેવાસીઓનું પુનર્વસન કરવું જોઈએ.

# સુસવાટા પવન સાથે ભારે વરસાદ દરમ્યાન ઝાડ નીચે ઊભા રહેવું જોખમકારક

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોન્સૂન પહેલાં જ રસ્તા પર અને સોસાયટીના કમ્પાઉન્ડમાં વધી ગયેલા ઝાડ અને એની જોખમી ડાળીઓ ટ્રિમ કરવાની કવાયત હાથ ધરાય છે. આ વર્ષે પણ રસ્તા પર આવી જોખમી ડાળીઓ કાપી નાખવામાં આવી છે છતાં મનપાના કમિશનર ભૂષણ ગગરાણીએ કોઈ અણબનાવ ન બને એ માટે સાવચેતીનાં પગલાં લેવા જણાવ્યું છે એ અંતર્ગત મનપાના ગાર્ડન ડિપાર્ટમેન્ટ ભારે વરસાદ અને સુસવાટા મારતો પવન વાતો હોય ત્યારે ઝાડ અથવા ડાળી તૂટી પડવાની શક્યતા જોતાં લોકોને ઝાડ નીચે ઊભા રહેવાનું ટાળવા જણાવ્યું છે. એ માટે મનપા દ્વારા જોખમી ઝાડ પર અને એની આસપાસ એ સંદર્ભની માહિતી આપતાં પોસ્ટર લગાડવાનું શરૂ કર્યું છે.

## હરીશ ખોંભડીયા પ્રસ્તુત
## ઈર્શાદ ગઝલ કોર્નર...

જેની માટે મેં મારું આંસુ સંતાડી રાખ્યું છે,
એણે એના ખિસ્સામાં ચાકુ સંતાડી રાખ્યું છે.
હાહાકાર મચી જાશે હું એક્કે અક્ષર બોલીશ તો,
મેં પણ મારી અંદર એક છાપું સંતાડી રાખ્યું છે.
જગની સઘળી પળોજણોથી થાકું ત્યારે ખોલું છું હું,
બે-ત્રણ ગમતી પળનું જે ભાથું સંતાડી રાખ્યું છે.
ગણી લીધાં છે બધાં જ પત્તાં, બધું જ હું તો જાણું છું,
તારા મોઢે બોલ કયું પાનું સંતાડી રાખ્યું છે?
વર્ષો પહેલાં છાનામાના રિવાજનો પાટો બાંધીને,
મેં પણ કોઈને ચાહ્યાનું ચાઠું સંતાડી રાખ્યું છે.



અનિલ ચાવડા
સંકલન :હરીશ ખોંભડીયા

# થંભી ગયેલું ચોમાસુ આ સપ્તાહથી ગતિમાન થશે

સામાન્ય રીતે મુંબઈ અને આસપાસમાં ૧૦ જૂનથી વરસાદની શરૂઆત થઈ જાય છે. આ વખતે ૧૭ જૂન થઈ ગઈ હોવા છતાં છૂટોછવાયો વરસાદ જ પડી રહ્યો છે, પણ ચોમાસું જામતું નથી. શરૂઆતમાં પહેલાં કેટલાંક સ્થળે સારોએવો વરસાદ પડતાં લાગતું હતું કે હવે ચોમાસું બેસી જશે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હવામાનની પેટર્નમાં અચાનક થયેલા ફેરફારને લીધે વરસાદ લંબાયો છે. કોલાબા હવામાન વિભાગના ડિરેક્ટર સુનીલ કાંબળેએ કહ્યું હતું કે ‘મુંબઈમાં અત્યારે ચોમાસાનું હવામાન નબળું છે. જોકે હવામાનમાં ૧૯ જૂન સુધીમાં સુધારો થવાની શક્યતા છે એટલે ત્યાર બાદ મુંબઈમાં વરસાદ પડી શકે છે.’

હવામાન વિભાગના આંકડા મુજબ કોલાબા અને સાંતાક્રુઝમાં અત્યાર સુધી કુલ ૨૦૧.૨ મિલીમીટર અને ૧૫૦,૩૧ મિલીમીટર વરસાદ જ નોંધાયો છે.

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

# મુલુંડમાં ઝઘડો છોડાવવા ગયેલા પોલીસો પણ ઈજાગ્રસ્ત થયા




મુલુંડમાં રવિવાર તા. ૧૬ જૂનની રાત્રે સ્મશાન વિસ્તારમાં અંતિમ સંસ્કાર અંગે થયેલા વિવાદનું સમાધાન કરવા ગયેલા પોલીસકર્મીઓની મારપીટ કરવામાં આવી હતી. મુલુંડ પોલીસે કેસ નોંધીને છ લોકોની ધરપકડ કરી છે. પોલીસ અન્ય આરોપીઓને શોધી રહી છે.

આ ઘટના રવિવારે રાત્રે ૯ વાગ્યાની આસપાસ મુલુંડના આરપી રોડ સ્થિત હિન્દુ સ્મશાનગૃહમાં બની હતી. ત્યાં નેપાળી સમુદાયના કેટલાક રહેવાસીઓ એક વ્યક્તિના અંતિમ સંસ્કાર માટે એકઠા થયા હતા. તે જ સમયે, અંતિમ સંસ્કારને લઈને તેમની વચ્ચે પહેલાં શાબ્દિક તકરાર થઈ હતી. ઘણા સમયથી ઝઘડો ચાલી રહ્યો હતો ત્યારે એક નાગરિકે મુલુંડ પોલીસને



તેની જાણ કરી હતી.તદનુસાર, મુલુંડ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને વિવાદને થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ થોડી જ વારમાં અંતિમ સંસ્કાર માટે આવેલા બે જૂથો વચ્ચે મોટી બોલાચાલી થઈ હતી. ત્યારે પોલીસે ફરી બંને જૂથોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમણે પોલીસ ઉપર હુમલો કર્યો હતો.

ટોળા દ્વારા કરાયેલા આ હુમલામાં એક મહિલા પોલીસકર્મી અને અન્ય ત્રણ પોલીસકર્મી ઘાયલ થયા હતા. પોલીસે તેમાંથી છને પકડીને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા, જ્યારે અન્ય આરોપીઓ આ સમયે નાસી છૂટ્યા હતા. પોલીસે તમામ સામે ગુનો નોંધી ફરાર થઈ ગયેલા આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

